
# અધ્યાત્મ

વર્ષ-૫
અંક-૪
જાન્યુઆરી-૧૯૮૪



## પરદેશના નવા આજીવન સભ્યો

અમેરિકાના સાન્ટા એનામાં વસતા માનનીય શ્રી ભગવાનજીભાઇ અને એમનાં ધર્મપત્ની શ્રીમતી કંચનબેન શરૂથી જ 'અધ્યાત્મ' નાં સહાયક તેમજ પ્રેમી અને પરમ પૂ મહાત્મા શ્રી યોગેશ્વરજીનાં ભકત રહ્યાં છે, તેમજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરી પ્રત્યે ખૂબ પૂજ્ય ને આદર ભાવ ધરાવે છે. તેઓએ આ વર્ષે બે નવા પરદેશના આજીવન સભ્યો તેમજ દસ જેટલા વાર્ષિક ગ્રાહકો નોંધીને મોકલ્યા; એ એમની સદ્‌ભાવના દર્શાવે છે; તે બદલ આભાર.


૬૭. શ્રી. મહેન્દ્રભાઇ ડી. ભકત, મોન્ટેરી પાર્ક, અમેરિકા.
ડોલર ૨૦૧.

૬૮ ,, ઠાકોરભાઇ પટેલ એના હેઇમ (અમેરિકા)
ડોલર ૨૦૧.

માતાજી જ્યોર્તિમયી વિશ્રામગૃહ' ની વિગત માટે જુઓ પાનું ૩૮

એ માટે સહાય મોકલવાનું ને પત્ર વ્યવહારનું સરનામું નોંધી લો:—

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ
C/o શ્રી બાબુભાઇ વોરા
૩૧ ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાયટી
નવરંગપુરા, અમદાવાદ—૯. ૩૮૦,૦૦૯



પૂજ્ય શ્રી યોગેશ્વરજી

## હરિ, તમે.

હરિ! તમે હળવો કરો મારો ભાર.
અવનવી અગણિત આવે ઉપાધિ,
કરી દો મુજને પાર.........
તપ્ત થયેલી ધરા પુકારે
વરસો વર્ષાની ધાર......... હરિ! તમે...

ચિંતા-કલેશને દૂર કરી દો,
જીવનના આધાર!.........
તન-મન-અંતર વિમલ કરી દો,
જીવનના હે સાર!......... હરિ! તમે...

સરળતાથી પંથ કપાયે,
દોડી આવું દરબાર,
વિના વિલંબે સ્વીકારી લોને,
કેમ લગાડો વાર?-હરિ! તમે...

મા સર્વેશ્વરી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૫ અંક : ૪ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૧૫-૦૦ વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)
સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.) અમદાવાદ.
તંત્રી-સંપાદક : શ્રી નારાયણ હ. જાની.
સહસંપાદકો : શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧
તંત્રી, મુદ્રક અને પ્રકાશક : નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩
મુદ્રણસ્થાન : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર-૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# ✻ અનુક્રમણિકા ✻


| વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| પ્રોપર્ટી ટેક્ષ | શ્રી યોગેશ્વરજી | ૩ |
| શ્રદ્ધાંજલિઓ | તંત્રી | ૫ |
| અમર થવાની પાછળનો ભાવ | ભાઈલાલભાઈ છાટબાર | ૯ |
| પરમહંસદેવશ્રી રામકૃષ્ણની સાધના | નારાયણ જાની | ૧૪ |
| સત્યપથને દ્વારેથી | છેલભાઇ રાવલ | ૧૯ |
| કપરી કસોટી | સત્સંગી | ૨૨ |
| મંદિરો પવિત્ર શા માટે? | સ્વામી વિવેકાનંદ | ૩૦ |
| સંતનો સંગ | શ્રી યોગેશ્વરજી | ૩૪ |
| ભક્તિની કડી | સૌ. પ્રભાબહેન પજવાણી | ૩૫ |
| એક એક લલકારે | ડૉ. રણજીત પટેલ (अनामी) | ૩૬ |
| ગોકુળ આવો તો ભેળાં થઇએ | મુકુન્દ પારાશર્ય | ૩૭ |
| પૂજ્ય માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ | — | ૩૮ |
| "મનની ઇચ્છા" | અરવિંદ એલ. પંચાલ | ૪૧ |
| 'પુષ્પ પરાગ' | શ્રેયાર્થી | ૪૩ |
| સાધના માટે ગૃહત્યાગ શું આવશ્યક છે? | કનૈયાલાલ ઝીંઝુવાડિયા | ૪૬ |
| નારાયણ સરોવરની યાત્રાનો એક દિવસ | મા સર્વેશ્વરી | ૫૨ |
| પ્રકાશના પંથે | દીપક પ્ર. મહેતા | ૫૮ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૧ |


✻✤✻


# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૬ જાન્યુઆરી-૧૯૮૪ અંક : ૪


## પ્રોપર્ટી ટેક્ષ

યોગેશ્વરજી

મકાન માલિકોને સંપત્તિવેરો–પ્રોપર્ટી ટેક્ષ આપવો જ પડે છે. માનવ પોતાના મકાનમાં રહેતો હોય કે બીજાના મકાનમાં ભાડૂત તરીકે વસતો હોય તોપણ ટેક્ષથી સર્વથા મુક્ત નથી હોતો. એક અથવા બીજા પ્રકારનો ટેક્ષ એણે આપવો જ પડે છે. પંચમહાભૂતના પ્રાકૃતિક મકાનમાં વસનારા આત્માનું પણ એવું જ છે. એણે સંપત્તિ ને વિપત્તિ, હર્ષ ને શોક, લાભ ને હાનિ, ઉન્નતિ અને અવનતિ, વ્યાધિ–વાર્ધક્ય–મરણ અને આધિ, વ્યાધિ–ઉપાધિના સ્વરૂપમાં જુદી–જુદી જાતના ટેક્ષ આપવા જ પડે છે. પ્રકૃતિ એની પાસેથી વેરાને વસૂલ કરે છે. પંચમહાભૂતના મકાનમાં રહેનાર કોઈ પણ શરીરધારી એ ટેક્ષથી મુક્ત નથી. વિદ્વાન–અવિદ્વાન, યોગી–ભોગી, તપસ્વી–અતપસ્વી, અમીર–ગરીબ, આબાલવૃદ્ધ અને અવતારી પુરુષો પણ એ ટેક્ષમાંથી મુક્તિ મેળવી શકતા નથી. શરીર ધારણ કરે એટલે પ્રોપર્ટી ટેક્ષ લાગે જ.

ભગવાન રામને રાજ્યાભિષેક કરવાનો હોવા છતાં એકાએક વનમાં જવું પડ્યું. ત્યાં સીતાનું હરણ થયું. એને શોધવા માટે કેટલાંય કષ્ટો વેઠીને વનમાં વ્યાકુળતાપૂર્વક વિહરવું પડ્યું. એ ઘટનાચક્રની પરાકાષ્ઠારૂપે રાવણ સાથે સંગ્રામે ચઢવું પડ્યું. સીતાની અગ્નિપરીક્ષા–પુનઃ રાજ્યાભિષેક, સીતાનો ત્યાગ ને પૃથ્વી પ્રવેશઃ એ બધી ઘટનાઓ પ્રોપર્ટી ટેક્ષની પરિચાયક હતી. ભગવાન કૃષ્ણે

શરીર ધારણ કર્યું તો એમના સંબંધમાં પણ એવું જ થયું. એજ વિધાન અન્ય મહાપુરુષોના સંબંધમાં લાગુ પાડી શકાય. સાધારણ માનવને તો પ્રોપર્ટી ટેક્ષ ભરવો જ પડે એમાં આશ્ચર્ય શું છે.?

ભગવાન્ શંકરાચાર્યને પણ ઉત્તરાવસ્થામાં વ્યાધિગ્રસ્ત બનવું પડેલું એમ કહેવાય છે. મહાત્મા ગાંધીજી છેવટે ગોળીનો ભોગ બનેલા. ભગવાન રમણ મહર્ષિને ઓપરેશનની લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડેલું. રામકૃષ્ણ પરમહંસદેવને ગળાનો વ્યાધિ થયેલો. ટેક્ષ તો એવી રીતે એમને પણ આપવો પડેલો.

પરંતુ પ્રોપર્ટી ટેક્ષ આપવાની પદ્ધતિમાં ફેર હોય છે. સામાન્ય રીતે એવું દેખાય છે કે કોઇક રડીને ટેક્ષ ભરે છે ને કોઈ હસીને, કોઈક પ્રસન્ન બનીને તો કોઈક ખિન્ન થઈને, કોઈ ટેક્ષને છુપાવવાને પ્રયત્ન કરે છે તો કોઈક તેને છુપાવ્યા વગર જ ભરપાઈ કરે છો. મહાપુરુષો જે પ્રોપર્ટી ટેક્ષ આપે છે તે શાંતિપૂર્વક, સમજ સહિત, પ્રસન્નતા સાથે આપે છે. દુઃખ, કષ્ટ, વ્યાધિ કે પ્રતિકૂળતાની પ્રતિકૂળ પળોમાં પણ વ્યર્થ વિવાદમાં નથી પડતા. બડબડાટ નથી કરતા, બીજાને અકારણે દોષ નથી દેતા, જીવનને અભિશાપરૂપ નથી સમજતા, ને સંપત્તિ, સાનુકૂળતા, સમૃદ્ધિની સુખદ ક્ષણોમાં છકી નથી જતા કે પથભ્રાંત અથવા વિપથગામી નથી બનતા. એ સદાય સ્વસ્થ, શાંત, સ્થિરબુદ્ધિ, સાક્ષી જેવા રહેતા હોય છે. ન્યાય, નીતિ, માનવતાના મૂલ્યોનો સંબંધવિચ્છેદ નથી કરતા. નિત્યનિરંતર હર પળે ને હર સ્થળે પરમાત્મપરાયણ રહી શકે છે. વ્યોમને વીંટી વળનારાં વાદળાં જેમ વ્યોમને કશું જ નથી કરી શકતાં, વ્યોમ એમનાથી સર્વથા અલિપ્ત રહે છે, તેમ એમનો અંતરાત્મા બહારની ભૌતિક અથવા આધિભૌતિક પરિસ્થિતિથી અલિપ્ત અથવા મુક્ત રહે છે. એ પરિસ્થિતનો પ્રભાવ એમના ઉપર અલ્પાંશે પણ નથી પડતો.

પ્રોપર્ટી પોતાની છે એવું એ માનતા જ નથી.

પ્રોપર્ટી ટેક્ષને ભરપાઈ કરવાની એ કળામાં આપણે પણ કુશળ થઈએ તો કેવું સારું ? જીવનના બધા જ બોજાઓ ઓછા થાય ને જીવન હળવું ફોરમવંતા ફૂલ જેવું બની જાય.



# શ્રદ્ધાંજલિઓ

તંત્રી

૧

આ સંસારમાં જન્મ ને મરણની સતત પ્રક્રિયા ચાલતી જ રહે છે. રોજ ને રોજ કેટલાય જીવો જન્મે છે, તો કેટલાય ચિરનિદ્રામાં પોઢી વિદાય લે છે. આ વિદાય લેતા બધા જીવોને આપણે ક્યાં શ્રદ્ધાંજલિ અર્પવા બેસીએ!

આમ છતાં આપણા જે પરિચિત છે એટલું જ નહિ, પરંતુ જેઓ સત્સંગી છે, પ્રભુના માર્ગે વળેલા છે ને જેમનાં જીવન સાદાં, સરળ ને પવિત્ર છે; જેઓ બીજાઓને જરા પણ ખપ લાગ્યા છે, એ સહુનું મૃત્યુ દુઃખદ બને છે. એમને આપણે શ્રદ્ધાંજલિ આપીએ; એના કરતાં એમને સહજભાવે અપાઈ જાય છે; એમ કહેવું વધુ ઉચિત છે.

ભાવનગરના શેઠ શ્રી નવીનચંદ્ર મનોરદાસ પારેખનો સ્વર્ગવાસ તા. ૧૪-૧૨-૮૩ ના રોજ મધ્યરાત્રિએ થયો. મરણ સમયે તેમની વય ૮૨ વર્ષની હતી, પરંતુ તેમનું આરોગ્ય છેવટ સુધી સારૂં હતું. જીવનમાં બધી જ પ્રવૃત્તિ છોડી દીધા છતાં ભાવનગરના જશોનાથ સત્સંગ મંડળમાં તેઓ વર્ષોથી નિયમિત જતા. ફક્ત છેલ્લું અઠવાડિયું જ ના જઈ શકયા.

તેઓશ્રી પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના ખૂબ પ્રેમી ભક્ત હતા. ને જીવનમાં નાના મોટા પ્રશ્નોમાં પૂજ્ય શ્રીનું માર્ગદર્શન મેળવતા.

ભાવનગરના શ્રી યોગેશ્વરજી પરિવારના સત્સંગ પ્રેમી ભાઈઓને સ્વ. શ્રી નવીનકાકાની મોટી ખોટ પડી છે.

તેઓશ્રીને તા. ૧૩/૧૨ ના રોજ જ મારે મળવાનું થયું ત્યારે કલ્પના પણ ન હતી કે બીજા જ દિવસે તેમનો સ્વર્ગવાસ થશે. તેઓએ બિછાને સૂતાં સૂતાં પ. પૂ. શ્રી યોગેશ્વરજી હાલ ક્યાં વિરાજે છે, વગેરે વિગતો પૂછી ને પછી ધીમેથી ઉમેર્યું "બ્યાસી વર્ષમાં મારે પહેલીવારજ ઈન્જેકશન લેવું પડ્યું." જીવનના યુવાનીના વર્ષોમાં તેઓ અખાડામાં જતા અને વ્યાયામ પ્રવૃત્તિમાં સારો રસ ધરાવતા. એટલે એમના શરીરનો બાંધો સુદૃઢ હતો. જીવનમાં તેઓ ખૂબ સાદા, સરળ, પ્રામાણિક, સ્વાવલંબી ને નિયમિત હતા. સાવ સામાન્ય આર્થિક સ્થિતિમાંથી જાત પરિશ્રમ ને કુનેહપૂર્વક આગળ વધીને તેઓએ પ્રામાણિક-પણે ધનોપાર્જન કરેલું. સદા સાધુસંતો પ્રત્યે આદર રાખનાર ને યથાયોગ્ય મૂંગી સેવા કરી છૂટનાર દાની ગૃહસ્થ હતા.

કાને તેઓને સાંભળવાની થોડી મુશ્કેલી હતી એટલે પૂ.શ્રી પાસે જ્યારે જ્યારે આવતા ત્યારે પૂ.શ્રીના નજીક ચરણો આગળ બેસતા. પૂ.શ્રી પણ તેમની સાથે ખૂબ પ્રેમપૂર્વક વિનોદ કરતા.

જીવનમાં બેવાર ઘરભંગ થયા છતાં એમણે આધ્યાત્મિકતા ને ઈશ્વરમાંથી શ્રદ્ધા ખોઈ ન હતી. છેલ્લા કેટલાક વખતથી તેઓ પોતાનો ઘણો ખરો સમય સાધન ભજનમાં ગાળતા. ટૂંકમાં કહીએ તો જાણે કે જીવનથી પરવારી અંતિમ પ્રયાણ માટેની તૈયારી કરી ચૂકેલા તેઓ યાત્રી હતા. જેણે જીવતાંજ શાંતિની સમ્પ્રાપ્તિ કરી છે, તેમને મરણ પછી પણ



શાન્તિજ હોય, એ સ્વાભાવિક છે. છતાં આપણે પ્રભુને પ્રાર્થીએ કે એમના આત્માને શાંતિ આપે.

૨

સુરતના ઉત્સાહી સાધક શ્રીશશિકાન્તભાઈ લેખડીઆના કાકા તેમજ સુરત શહેરના ખ્યાતનામ ઉદ્યોગપતિ તેમજ ચેમ્બર ના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી ભગવાનજીભાઇ લેખડીઆનું પોર પાસે કાર અકસ્માત્માં અન્ય ભાઈઓ સાતે મૃત્યુ થયું. તે ઘણુ દુ:ખદ છે. જીવનમાં કયા માણસને કયારે ઇશ્વરનું તેડું આવે, તે કાંઇ નિશ્ચિત હોતું નથી. એટલા માટેજ સાધુ પુરુષો સદૈવ જાગ્રત રહીને વ્યવહાર કરવાનું સત્સંગમાં કહેતા હોય છે. પરંતુ આજના અતિ વ્યવસાયી જીવન વ્યવહારમાં સંપૂર્ણ વ્યવહાર શુદ્ધિ સાથે જાગૃતિપૂર્વક જીવવું કઠણ છે. છતાં કોઇ કોઇ પુરુષો એવું જીવન આગ્રહપૂર્વક જીવી જાય છે.

અકસ્માત્માં અવસાન પામેલ વ્યકિતની શાંતિ માટે, એ વ્યકિતની ભાવનાઓ પ્રમાણેની સત્પ્રવૃત્તિઓ ને સત્કર્મો શાંતિ પ્રેરે છે. એટલેજ આપણાં શાસ્ત્રોમાં મહાપુરુષો ને સંત મહાત્માઓએ મરણોત્તરક્રિયાઓની વિધિઓ સૂચવી છે.

પ્રભુ, એમના આત્માને શાંતિ આપો એજ હૃદયપૂર્વકની પ્રાર્થના.

૩

મોરબીના એકનિષ્ઠ ને ઉત્સાહી સાધક શ્રી બાલમુકુન્દભાઈ શ્રોફના પિતાનો સ્વર્ગવાસ પણ થોડા સમય પહેલાં થયો. તેઓનું જીવન ખૂબ પવિત્ર ને પરગજુ હતું. એમણે

પોતાના ઉત્તમગુણોનો વારસો શ્રી બાલમુકુન્દભાઈમાં મૂકયો છેજ.

મોરબીના સાધક ભાઇબહેનોએ સ્વ. શ્રી ઓધવજીભાઇને એક નાના સમારંભમાં શ્રદ્ધાંજલિ અર્પી; એમાં આપણે પણ સૂર પૂરાવીએ. પ્રભુ, સદ્દગતના આત્માને સદ્દગતિ ને શાંતિ અર્પે એજ પ્રાર્થના.


ૐ શ્રી

શ્રી શ્રેયસ્સાધક વર્ગના તત્ત્વસંનિષ્ઠ મહાત્મા

શ્રી વિશ્વવંદ્ય રચિત

**'જીવનમાં સુખ-શાંતિ રૂપી અમૃતનું સિંચન કરનાર અપૂર્વ ગ્રંથો**

| | મૂલ્ય | પોસ્ટેજ |
|---|---|---|
| (૧) યોગિનીકુમારી ભાગ ૧-૨ (એક જ પુસ્તકાકારે) | રૂ. ૭૦-૦૦ | રૂ. ૫-૦૦ |
| (૨) યોગિનીકુમારી ભાગ-૨ | રૂ. ૪૦-૦૦ | રૂ. ૪-૦૦ |
| (૩) ઉત્તમ પ્રજાની ઇચ્છાવાળાં સ્ત્રી પુરુષોએ શું કરવું ? | રૂ. ૫-૦૦ | રૂ. ૨-૦૦ |

નાણાં મનીઓર્ડરથી અથવા શ્રી ઠાકોરલાલ ના. શાહના નામનો બેંક ડ્રાફ્ટ નીચેના સરનામે મોકલી આપવાથી પુસ્તકો રજિસ્ટર્ડ બુક પોસ્ટથી મોકલવામાં આવશે.

વ્યવસ્થાપક : **શ્રેયસ્સાધક અધિકારી વર્ગ**

(શ્રી ઉપેન્દ્ર ભગવત્સ્મારક સંચાલિત)

વિશ્વવંદ્ય ઉદ્યાન, ટ્રેઇનિંગ કૉલેજ સામે, કારેલીબાગ

વડોદરા-૧૮




# અમર થવાની પાછળનો ભાવ

[સત્ય, પ્રકાશ ને પ્રેમની ઉપલબ્ધિ]

ભાઇલાલભાઈ છાટબાર

"येनाहं नामृतास्याम् किमहं तेन कुर्याम् ?"–મૈત્રેયી

મૈત્રેયી યાજ્ઞવલ્કયને પ્રશ્ન કરે છે—જેનાથી હું અમરતા ના પામું તે મારે શા કામનું ?)

**જ્ઞાનગત-ભાગવતઃ**–હું નિત્ય છું, શુદ્ધ છું, બુદ્ધ છું, મુકત છું. હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું. હું પ્રેમસ્વરૂપ છું—વગેરે આત્મવિચાર માટેની અભિવ્યક્તિઓ છે : તેમાં હું આનંદ સ્વરૂપ છું-હું પ્રેમસ્વરૂપ છું"—તે અનુભૂતિઓ ભાગવત છે. અન્ય અનુભૂતિઓ જ્ઞાનગત છે.

**શાશ્વત સ્થિરતા માટેનો તલસાટઃ**–સંસારમાં જડ-ચેતન જગતમાંથી કાંઈ કે કોઈ સ્થિર કે શાશ્વત નથી. પુખ્ત બુદ્ધિએ પહોંચતાં, મનુષ્ય કયાંક કાયમી સ્થિરતા મળે તે માટે વલખાં મારે છે; પણ તેનાથી કયાંય સ્થિર રહી શકાતું નથી. નિરંતર ક્ષણે ક્ષણે પળે પળે પરિવર્તન પામી રહેલ સૃષ્ટિમાં, શાશ્વત-શકિત સાથેની એકરૂપતા કે સરૂપતા માટે-ના, પાર્થિવતામાં રાચતા મનુષ્યના પ્રયાસો મૃગજળ પાછળ-ની દોડ સમાન નિરર્થક છે; છતાં મનુષ્યનું મન આયુષ્યની અવધિ સુધીની શરીરયાત્રા દરમ્યાન સ્થિર-કાયમ થવા માટે અને શાશ્વત બનવા માટે તલસતું રહે છે.

**ચિરગતિમાન મનઃ**–મનુષ્યને અદશ્યમાન, અગોચર અને પકડમાં ના આવે તેવું મહામૂલ્યવાન, મનરૂપી સૂક્ષ્મા-તિસૂક્ષ્મ ઉપકરણ મળેલું છે, જેનું સામ્રાજ્ય પળે પળે પલ-

ટતું રહે છે; કેમકે મન અને મનના વિષયો સરકો જાય છે. સહસ્ર હાથીઓનું બળ પણ મનની ગતિને રોકીને તેને નિયંત્રિત કરી શકતું નથી. મનની ગતિ–શકિત દેશકાલાતીત છે.

**મનના વિષયોનું પળે પળે પરિવર્તન:**–મન પોતે શબ્દ, રસ, રૂપ, ગંધ, સ્પર્શ વગેરે–તેની માલિકીના ઇન્દ્રિયગમ્ય કોઈ–વિષયનું ક્ષણ–બેક્ષણ પૂરતું આલંબન લે છે અને તે વિષયનો–માધ્યમ રૂપી ચીજનો ત્યાગ કરી બીજી ચીજનું ત્રીજી ચીજનું એમ અપરંપાર ચીજોનું આલંબન લે છે; અને આમ ચીજોને–એક પછી એક–છોડી દેવાની પ્રક્રિયા મનમાં ચાલ્યા જ કરે છે. મન કયી ઇન્દ્રિયના, કયા વિષયની કયી ચીજમાં ક્યારે કેટલો સમય રાચતું હશે, તેનો નિશ્ચય કરવો અતિ કઠિન છે. આલંબન અને વસ્તુત્યાગની આ પરંપરા જાગ્રત અવસ્થાની પળે પળે મનમાં ચાલતી હોય છે.

**પળે પળે નિવૃત્તિ (મૃત્યુ) પામી પુનઃ પુનઃ સજીવન થતું મન:**–એક ક્ષણે એક ચીજમાં રાચતું અને મ્હાલતું મન બીજી જ ક્ષણે કોઈ બીજ જ ચીજમાં રાચતું અને મ્હાલતું હોય છે. આમ પહેલી ક્ષણ દરમ્યાન ઉપસ્થિત પહેલી ચીજના વિષયમાંથી નિવૃત્તિ (કે મૃત્યુ) પામેલું મન બીજી ક્ષણે બીજી ચીજનું આલંબન લઇ તેમાં સજીવન થાય છે. ટુંકમાં એમ કહેવાય કે જે વિષય કે ચીજનું આલંબન લીધેલું હોય તે વિષય કે ચીજને મન છોડી દે ત્યારે તે વિષય કે ચીજ સંબંધે મનની નિવૃત્તિ (કે મૃત્યુ) થયેલું ગણાય.

**ભીતરમાં ચાલતી નિવૃત્તિરૂપી મૃત્યુઓની પરંપરા:**–આમ પળે પળે મનનાં આલંબનો છૂટતાં રહે છે તથા વિષયો બદલાતા રહે છે અને તેને સ્થાને નવાં આલંબનો



તથા નવા વિષયો જન્મ લેતા રહે છે. આગલા વિષય સંબંધમાં મન નિવૃત્તિ (કે મૃત્યુ) પામી બીજા વિષયમાં સજીવન થાય છે. વળી પાછું તે બીજા વિષયમાં પણ મન નિવૃત્તિ પામી, ફરીથી ત્રીજા જ વિષયમાં સજીવન થાય છે. આમ મન નિવૃત્તિરૂપી એક મૃત્યુની ભીતરમાં થઇને નિવૃત્તિરૂપી બીજા મૃત્યુ પ્રતિ ગતિ કરે છે—ગતિ કર્યા જ કરે છે.

મનની અંદર ખેલાતી વિષય નિવૃત્તિરૂપી મૃત્યુની આ પરંપરાનો પાર નથી.

**મનની ચાહના–અમરત્વની:**–મન એવું કશુંક ચાહે છે કે જે પામીને તે કહી શકે કે આ સિવાય અન્ય વિશેષ કાંઈ મારે જોઇતું નથી... ... અમૃત શું છે તે મનની જાણ બહાર નથી. પૃથ્વી પર તેનો સ્વાદ મન બિલકુલ ચાખવા પામ્યું ના હોય તેવું નથી. મન તેનો સ્વાદ ચાખવા પામ્યું ના હોત તો તેને માટેની આવી પિપાસા ના હોત અને તેને પામવા માટેની તેની મથામણ ના હોત. મથામણને અંતે મન પોતાને જોઇતી ચિરતન વસ્તુ પામતું નથી એટલે તે કહી શકતું નથી કે-બસ, આ સિવાય બીજું વધું મારે જોઈતું નથી... ...આ અમૃત કદીક કદીક મનને સ્પર્શ કરી જાય છે: તે કારણે મન તેને શોધતું ફરે છે.

**પરમાત્મસ્વરૂપ પ્રેમતત્ત્વમાં અમૃતની ઝાંખી:**–
મૃત્યુની મધ્યે આ અમૃતનો સંસ્પર્શ, જ્યાં પરમાત્મસ્વરૂપ પ્રેમતત્ત્વ છે ત્યાં મન પામે છે અને તેની ઝાંખી ઝાંખી અનુભૂતિ કરે છે. પ્રેમની એ અનુભૂતિમાં જ તેને અનંતનો સાદ સંભળાય છે અને તે અંનતનો સ્વાદ ચાખવા પામે છે. આ પ્રેમતત્ત્વમાં જ અસીમ–અનંત પરમતત્ત્વની છાયા

છે, જે પુરાતનને નિત્યનૂતન બનાવે છે અને મૃત્યુનો કોઇપણ રીતે સ્વીકાર કરવાની ના પાડે છે.

**પરમાત્મસ્વરૂપ પ્રેમનું સૌંદર્ય**:-સંસારના ચિત્ર-વિચિત્ર વિષયો વચ્ચે મન પ્રેમનો આભાસ પામે છે, જેનાથી મન પરમપદાર્થનો પરિચય પામે છે. એ પ્રેમતત્ત્વને જ પરિપૂર્ણ સ્વરૂપે પામવા માટે અંતરના અંતરતમમાં સાચી આકાંક્ષા જાગી ઊઠે ત્યારે સમસ્ત સંસારની તમામ પ્રકારની સંપત્તિ અને સાધન સામગ્રી અનાયાસે જ મનુષ્ય ઠેલી દે છે. સ્થાયી સત્યસ્વરૂપવાળો પ્રેમ ખરેખર સંજીવની સમાન છે. બીજાઓ ઉપર સત્યપ્રેમ રાખવો અને બીજાઓના સાચા પ્રેમનો અનુભવ કરવો-એ આંતર અને બાહ્ય સૌંદર્યનો પાયો છે. સૌંદર્ય એ આત્મા-પરમાત્મા બંનેનો અંશ છે. પરમાત્મશક્તિ પ્રેમસ્વરૂપ છે. પરમાત્મસ્વરૂપ પ્રેમનું સૌંદર્ય મન-હ્રદય પર અમીનો છંટકાવ કરી જાય છે.

**પરિપૂર્ણપ્રેમ-અમૃત**:-માનવમન પોકાર કરી ઊઠે છે કે મારે ધનદોલત, ખ્યાતિ-નામના કે રિદ્ધિસિદ્ધિ કાંઈ જોઇતું નથી. હું તો અમૃતને-પરિપૂર્ણ પ્રેમને જ ચાહું છું. સમસ્ત અસત્યમાંથી સત્ય આપણને પોતાનામાં ના સમાવી લે તો આપણો પ્રેમ ઉપવાસી બની રહે છે. ગાઢ અંધકારમાંથી જ્યોતિ આપણને પોતાનામાં ના લઈ જાય તો આપણો પ્રેમ કારાવાસમાં પૂરાઇ રહે છે. નિરંતર મૃત્યુ મધ્યે થઇને અમૃત આપણને પોતાની અંદર ના લઈ જાય તો આપણો પ્રેમ રાતવાસા માટે ઝંખતા ભૂલ્યા-ભટકયા પ્રવાસીની જેમ ભટકતો ફરે છે.

**પ્રેમના પ્રસન્નસુંદર સુખનું દર્શન**:-સત્ય અને પ્રકાશ નિકટમાં પ્રકાશિત થઈ ઊઠે એટલે આપણો સમસ્ત



પ્રેમ સાર્થક થાય છે. ચિરંતન પ્રકાશ આપણો થાય, આપણો થઇને પ્રકાશિત બની રહે, આપણામાં તે પૂર્ણ થઇ ઊઠે એટલે પ્રેમના પ્રસન્નસુંદર સુખનું દર્શન થાય અને તે આપણને હંમેશને માટે અમૃતમય બનાવી મૃત્યુમાંથી બચાવે.

પ્રેમનો પ્રકાશ, તેનું પ્રસન્નસુંદર સુખ આપણા અનંત કાળનું પરિત્રાણ છે.

**અમર થવાની પાછળ રહેલો ભાવ**:-અમૃત થવા-ની, અમૃત પ્રાપ્ત કરવાની માનવ મનની ચિરકાલીન ઝંખના છે. પાર્થિવ નાશવંત દેહને અનંતકાળ સુધી વહન કરીને ચાલવું તે એટલે કે-**શરીરની અમરતાની આ ચાહના નથી.**

**અમર થવાની પાછળ પરમ સત્ય, ચિરંતન પ્રકાશ તથા પ્રેમનું પ્રસન્નસુંદર સુખ-તે ત્રણેયની ઉપલબ્ધિનો ભાવ રહેલો છે.** ઉપલબ્ધિની તે વેળાએ સત્યના રાજમહાલયમાં આનંદ-ચૈતન્યથી રસિત પૂર્ણ પ્રકાશ શાંતિનો મહોત્સવ ઊજવી રહે છે.

જે કોઇ જગતને સુધારવા ચાહતો હોય તેણે પ્રથમ પોતાની જાતે સુધરવાનો આરંભ કરવો.

# પરમહંસદેવશ્રી રામકૃષ્ણની સાધના

નારાયણ જાની

શ્રી રામકૃષ્ણ લગ્ન પછી જેવા પાછા ફર્યા કે તેમણે કાલી મંદિરની પોતાની પૂજા ચાલુ કરી દીધી, પરંતુ તેઓ તે વધુ વખત માટે ચાલુ રાખી શકયા નહિ. માત્ર થોડા દિવસો પછી મા જગદંબાની હાજરીની સભાનતાએ એમને ફરી એકવાર એવા તો ડૂબાડી દીધા કે તેઓ કોઈપણ પ્રકારની બાહ્ય ક્રિયાઓ કરવા કે ફરજો બનાવવા તદ્દન અસમર્થ બની ગયા. ફરીવાર એમની છાતી લોહીના ધસી આવવાને લીધે લાલચોળ થઈ આવી, તેમજ શરીરમાં બળતરાય ચાલુ થઇ ગઈ. એને પરિણામે એમની ઊંઘ જતી રહી. આ બધાં પહેલાંનાં લક્ષણો ફરી દેખાવા લાગ્યાં. પરંતુ એ બધાં પ્રત્યે હવે તેઓ પરોક્ષરીતે જોતા થયા હોવાથી, એનો એમને કોઈ ખાસ ભય લાગ્યો નહિ.

પરંતુ શ્રી મથુરબાબુને પહેલાંની જેમ એની ચિન્તા થવા લાગી. એમને ભય પણ લાગ્યો એટલે ફરીવાર દાકતરને બતાવીને વધારે અસરકારક એવી નવી દવાઓ પણ લખાવી લીધી. બન્યું એવું કે, એક વાર મથુરબાબુ શ્રી રામકૃષ્ણને ડાક્તરને બતાવવા કલકત્તા લઈ ગયેલા. તે વખતે દાકતરના પરિચિત એક બીજા દાકતર મિત્ર પણ ત્યાં હતા. એમણે શ્રી રામકૃષ્ણને તપાસ્યા અને કહ્યું કે "મારા મત પ્રમાણે દર્દીની આ હાલત કોઈ પ્રકારની આધ્યાત્મિક ઉત્તેજનાને લીધે થઇ છે. તેમાં કોઇ દવા અસર નહિ કરે." પાછળથી આ સંબંધે શ્રી રામકૃષ્ણ કહેતા કે દાકતરી વ્યવસાયના એ સર્વ પ્રથમ



વ્યક્તિ હતા કે જેઓ મારી પરિસ્થિતિ બરાબર સમજી શકેલા. આમ છતાં શ્રી મથુરબાબુ અને એમના ડાક્તરે, પેલા મિત્ર દાકતરના અભિપ્રાયનો અસ્વીકાર કર્યો.

શ્રીરામકૃષ્ણની માનસિક બિમારીએ ફરી પાછો ઉથલો ખાધો છે, એ સમાચાર કામારપુકુર પહોંચતાંજ, ચંદ્રમણિની ચિન્તા ખૂબ વધી ગઈ. એમને પોતાનું સર્વ આયોજન અને એમણે આપેલા સર્વ આર્થિક ભોગો સાવ નિષ્ફળ ગયેલા લાગ્યા. એથી એમણે પોતાના પ્રાણની આહૂતિ આપવાનો સંકલ્પ કર્યો. તે માટે તેમણે કામાર પુકુરના શિવાલયમાં પ્રયોપવેશન વ્રત કરી, આમરણાંત ઉપવાસ કરવા વિચાર્યું.

પ્રયોપવેશન વ્રતમાં, વ્યક્તિ પોતાની પ્રાર્થના દેવ જ્યાં સુધી મંજુર ન રાખે અગર મૃત્યુ થાય ત્યાં સુધી, દેવની સમક્ષથી ઊઠતી નથી. આ વ્રત દરમ્યાન તે અન્નજળનો ત્યાગ કરી દે છે. કામારપુકુરના શિવમંદિરમાં આ વ્રતનો આરંભ કરતાં, એમને એવું દર્શન થયું કે તેમણે પાસેના મુકુન્દપુર ગામમાં જઈ ત્યાંના શિવાલયમાં તે શરૂ કરવું. આ દર્શનના આદેશ પ્રમાણે ચંદ્રમણિએ ત્યાંના શિવાલયમાં ઉપવાસો ને પ્રાર્થના શરૂ કરતાં, એમને ભગવાન શંકરે સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું, "તમે ગભરાઓ નહિ. તમારો પુત્ર ગાંડો નથી થઈ ગયો. એની આ સ્થિતિ એટલા માટે થઈ છે, કે તે ભગવાનના વિચારોમાં ખૂબ ડૂબેલો રહે છે." આ માટે એમને ફરી ફરી ખાત્રી આપવામાં આવી. આથી ચંદ્રામણિ ઉપવાસ છોડી કામારપુકુર પાછા આવ્યાં ને પોતાના ઇષ્ટ-ભગવાન રામચંદ્રની પૂજા કરી પ્રાર્થના કરવા લાગ્યાં કે પોતાના પુત્રની માનસિક બિમારી જલદીથી દૂર થઇ જાય.

આ સાધનાના સમયના ગાળાને યાદ કરીને શ્રી રામકૃષ્ણ કહેતા કે જેવો હું એક આધ્યાત્મિક કટોકટીમાંથી પસાર થઇ રહેતો કે બીજી શરૂ થઈ જતી. એ સ્થિતિ પાણીના વમળમાં સપડાયેલા માણસના જેવી હતી. તે વખત મને શરીરનું ભાન રહેતું નહિ. મારી જનોઈ પણ ક્યાંય નીકળી પડતી અને મારા ધોતિયાનુંય ભાગ્યે જ કાંઈ ઠેકાણું રહેતું કોઈક વાર હું મારૂં મોઢું ઉઘાડતો તો જાણે કે મને લાગતું કે મારાં જડબાં ઉપર સ્વર્ગ અને નીચે પાતાળ સુધી અડી ગયાં છે. હું મરણિયો થઈને પોકારી ઊઠયો “ હે મા ! ” માછીમાર પોતાની જાળમાં જેમ માછલીને ખેંચે તેમ મારા મોઢામાં હું માને ગળી જઈ રહ્યો છું એવું મેં અનુભવ્યું. તે વખતે મને એવું અભેદ દર્શન થતું કે રસ્તામાં ઊભી રહેલી ગણિકાને જોઈ, રાવણને રણમાં હરાવી વિજયી બનેલા રામને સત્કારવા આતુર સીતા જાણે ઊભી ન હોય ! અથવા તો ઝાડને અઢેલીને પગની આંટી મારીને ઊભેલા કોઈ અંગ્રેજ કિશોરને જોતાં, મને તેનામાં ભગવાન કૃષ્ણનું દર્શન થતું ને મારૂં બાહ્ય જ્ઞાન ચાલ્યું જતું. તો કોઈ વાર પાસે ઊભેલા કુતરા સાથે એક ભાણામાં જમવામાં મને કોઇ સંકોચ ન થતો. આ અવસ્થામાં મારા માથાના વાળ જટાની જેમ ગૂંચવાઈ ગયેલા અને તેના ઉપર પક્ષીઓ કદીક બેસતાં તો તેમને પૂજા દરમ્યાન મારા માથા પર અજાણપણે ચઢાવેલ ચોખાના દાણા ચણવા માટે મળી જતા. વળી મારૂં શરીર એવું તો સ્થિર થઈ જતું કે કદીક એના ઉપરથી સાપ પણ ચઢી ઉતરતા. ”

“ મારી તે વખતની પ્રખર ઉત્કટતાના ચોથા ભાગને પણ સામાન્ય માણસ જીરવી શકયો ન હોત. એણે એને ખલાસ કરી નાંખ્યો હોત. કલ્પના તો કરો કે એકધારાં છ



છ વર્ષો સુધી મને કોઈ નિદ્રા ન હતી. પરિણામે મારાં આંખોનાં પોપચાં પણ ઢળતાં બંધ થઈ ગયેલાં. કદીક હું દર્પણની સામે ઊભો રહી આંગળીઓ વડે મારી આંખોનાં પોપચાંને ઢાળવાનો પ્રયત્ન કરતો, પરંતુ હું તેમ કરી શકતો નહિ. એટલે ભયભીત થઈને હું મા જગદંબાને કહેતો, “ હે મા, જે તારી ભક્તિ કરે તે બધાંને શું આવું થતું હશે ? મેં મારી જાતને તને સમર્પિત કરી દીધી છે, ને તેં બદલામાં મને આવો ભયંકર રોગ આપ્યો ? આ તે કેવું ! ” આટલું બોલતાંજ મારી આંખોમાંથી અશ્રુની ધારા વહેવા લાગતી, ને ત્યાં અચાનકજ મારૂં અંતર દિવ્ય આનંદથી ઊભરાઈ જતું. હું જોતો કે આ શરીરની તો કોઈ વિસાત નથી, એનું કોઈ મહત્વ પણ નથી. એ તો તુચ્છ છે. ત્યારે મને માનું દર્શન થતું અને તે મને તેનો સુધામય સ્પર્શ આપી મારા બધા ભયને દૂર કરી દેતી. ”

એક દિવસ, ભગવાન શંકરના મંદિરમાં જઈ શ્રી રામકૃષ્ણ મહિમ્નનો શ્લોક ગાવા લાગ્યા:–

જલધિનું પ્રભુ પાત્ર હોય ને પહાડ શાહી,
કલમ કલ્પવૃક્ષ ડાળની, પત્ર પૃથ્વી,
નિત નિત કર તેને લઇ લખે શારદાએ,
તુજ ગુણ સહુ તેનો પાર તોયે ન પામે.

આટલું બોલતાંજ શ્રી રામકૃષ્ણનું હૈયું ભાવથી ભરાઇ ગયું અને તેમના મુખમાંથી ઉદ્દગાર નીકળી ગયા કે “હે પ્રભુ, તારા મહિમાનું ગાન હું કેવી રીતે કરી શકું ?” આંખો-માંથી અશ્રુનો પ્રવાહ ચાલીને ગાલ ઉપર થઇ એમનાં વસ્ત્ર ઉપર પડવા લાગ્યો. આ જોઇ મંદિરના બીજા સેવકો

એમની આસપાસ ભેગા થઇ ગયા. તેઓ ઠઠ્ઠા મશ્કરી કરવા લાગ્યા. તેઓ કહેવા લાગ્યા કે આજે રોજ કરતાં એનું ગાંડપણ કંઇ વધ્યું લાગે છે. હમણાં કાં તો ભગવાન શંકરના ખભા પર ચઢી બેસશે."

એ વખતે શ્રી મથુરબાબુ અચાનક ત્યાં આવી ચઢયા. પાસે ઊભેલા એક માણસે એમને સૂચવ્યું કે તે મહાદેવના લિંગની એકદમ પાસે ઊભેલા છે એટલે કંઈ અણછાજતું વર્તન કરે એ પહેલાં એમને ખસેડી લો. આ સાંભળી પોતાની લાક્ષણિક ઢબે ખૂબ ગુસ્સાથી મથુરબાબુ બરાડી ઊઠ્યા, "તું એમને અડી તો જો, તારૂં માથું ભાંગી નાંખુ !" એટલે શ્રી રામકૃષ્ણને એકલા છોડી બધા થોડા આઘા ખસી ગયા. તે પછી રામકૃષ્ણને થોડીવારે બાહ્ય સંજ્ઞાની પ્રાપ્તિ થઇ. તેમણે મથુરબાબુ તેમજ બીજાઓને પોતાની આસપાસ ઊભેલા જોઇ સહેજ ભય પામી ગભરાતા સ્વરે પૂછ્યું, "મારાથી કંઇ ખોટું તો નથી થઇ ગયું'ને !" મથુરબાબુએ તુરતજ કહ્યું, "જરાય નહિ. તમે તો ભગવાન શંકરની સ્તુતિ ગાઇ રહ્યા હતા. તમને કોઇ ખલેલ ન પહોંચાડે એ જોવા માટેજ હું અહીં આવ્યો છું."

(શ્રી ક્રિસ્ટોફર ઇશરવુડના આધારે)

(ક્રમશઃ)

પોતાના મન ઉપર કાબૂ મેળવ્યેથી, ઇન્દ્રિયોને સ્વાધીન કર્યેથી, મનુષ્ય રાગ દ્વેષરહિત થાય છે. એટલે શાન્તિને માર્ગ વળે છે.



# સત્યપથને દ્વારેથી

છેલભાઈ રાવલ

આજ તારીખ ૧૯–૧૨–૮૩ સોમવાર. પ. પૂ. મહાત્માશ્રી તથા માશ્રી સર્વેશ્વરી આંહી સત્ય–પથ, સકલ એપાર્ટમેંટમાં બિરાજી રહેલ છે. સાંજના ૬–૩૦ થી ૮નો સત્સંગ ચાલે છે. સત્ય–પથના પ્રથમ ખંડમાં ખુરશી ઉપર પૂ. મહાત્માજી બેઠા છે. બાજુમાં નીચે ગાદી ઉપર પૂ. મા બેઠેલ છે. મહાત્માજીના આસન પોછળ દિવાલ ઉપર તેમનો જ ધ્યાનસ્થ, કિશોરાવસ્થાનો ફોટો કમલના ફુલ ઉપર શોભી રહ્યો છે. ડાબી બાજુએ દિવાલ ઉપર પૂ. માતાજી જ્યોતિર્મયીનો મોટો ફોટો સમગ્ર ખંડમાં તેમની અમી દૃષ્ટિ વરસાવી રહ્યો હોય એમ લાગે છે. બીજા પણ ફોટા પૂ. શ્રી રામ-કૃષ્ણ પરમહંસ, પૂ. શારદા મા, સ્વામી વિવેકાનંદ. સરસ્વતી માતા તથા મહાત્માજીના પોતાના ફોટાઓ યોગ્ય સ્થળે સુંદર રીતે ગોઠવેલ છે. બરાબર ૬–૩૦ થાય છે એટલે સત્યપથનો બેલ રણકી ઊઠે છે અને સત્યપથનાં દ્વાર ખુલે છે. પ્રતિક્ષા કરતું ભક્ત વૃંદ અંદર દાખલ થાય છે અને પોતાની જગ્યાએ ગોઠવાય છે.

રોજના નિયમ મુજબ સરળ ગીતામાંથી અધ્યાય ૭નું સમૂહ વાંચન થાય છે. ત્યાર બાદ પૂ. મહાત્માજીની આજ્ઞાનુસાર પ્રોફેસર શ્રી શાહ સાહેબ ગીતા–દર્શનમાંથી વાંચન કરે છે. વાંચન લગભગ ૧૦–૧૨ મિનિટ ચાલે છે. હવે પ. પૂ. મહાત્માજી તેમાં દર્શાવેલ ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખવી તથા સાધકે પોતાનું કામ કરવું તેના ઉપર સ્પષ્ટતા કરતાં સમજાવે

છે કે માનવ જો ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખે, આસ્થા રાખે તો પ્રભુ તેનું બરાબર ધ્યાન રાખે છે, તેને કોઈ જાતની ચિંતા રહેતી નથી. શરત માત્ર એટલી કે સાધકનો ભાવ શુદ્ધ અને નિષ્ઠાપૂર્વકનો હોવો જોઇએ. જો આવો ભાવ એકવાર આવી જાય, તો બાકીની બાજી પરમાત્મા સંભાળી લે છે. વિશેષમાં કહ્યું કે સાધકે પોતાનું કામ નિષ્ઠાપૂર્વક કરવું પોતાનું કામ એટલે જપ, ધ્યાન મન લગાડીને કરવું. આટલું કરવાથી ભગવાનની કૃપા વરસે છે. અને સાધકની ક્ષેમ-કુશળતાનું વહન પ્રભુ ધારણ કરે છે....

આજે સત્યપથમાં આ સત્સંગનો છેલ્લો દિવસ છે. આવતી કાલે પૂ મહાત્માજી વડોદરા પ્રવચન માટે જવાના છે. એટલેજ તો શ્રી જિતુભાઈ ગાંધી અહીં આવી ગયા છે અને ખંડમાં શ્રી બાબુભાઈ પાસે બેઠા છે. એક બાજુ પાલનપુરથી આવેલ શ્રી ઈશ્વરભાઈ પણ હાજર છે. હવે શ્રી મા ભાવવાહી સ્વરે ભજન ગાય છે.

"યોગેશ્વર હે મારી માત !
તુજને વંદુ વારંવાર,

ભજન આગળ ચાલે છે. કડીએ કડીએ મારૂં હૃદય રોવે છે. આંખે આંસુડાની ધાર વહે છે. સમગ્ર ખંડમાં દિવ્યતા પ્રસરી રહી હોય એમ લાગે છે. ચારે બાજુ શાંતિ વરસી રહી હોય તેમ અનુભવાય છે. શ્રોતાઓ એક ચિત્તે ધ્યાનથી ભજન સાંભળી રહેલ છે. આ ભજનમાં (અંજલિ, ભજન - ૪૨) શ્રી મા સદ્દગુરુને માતા સ્વરૂપે ઝંખે છે, ભજે છે. એવી સદ્દગુરુ-માવડીના શ્રી ચરણે શું શું અનુભવ્યું તેનું વર્ણન આવે છે. સાધક માટે તો સદ્દગુરુ સાક્ષાત્ પ્રભુ છે



જ. એટલે તો આપણા લોકકવિએ ગાયું છે કે: "બલિહારી ગુરુ દેવકી જીને ગોવિંદ દીયો બતાય." ભજન સાંભળીને સાધક મંડળ સ્તબ્ધતા અનુભવે છે. ઈશ્વર પેટલીકરે સાચેજ કહ્યું છે કે પૂ. મા આધુનિક મીરાં છે સાક્ષાત્ મીરાં છે....

છેલ્લે દસ મિનિટ માટે ધ્યાન શરૂ થાય છે. પાંચ વખતના ૐ કારના ઉચ્ચાર સાથે ધ્યાન પૂરૂં થાય છે. મહાત્માજીના અમીભર્યા આશીર્વાદ સાથે, પુષ્પ પ્રસાદી લઇ સાધક મંડળ વંદન કરીને વિખરાઇ જાય છે. બહાર નીકળતાંજ લાગે છે કે જાણે કોઇ બીજીજ દુનિયામાંથી બહાર ન આવી રહ્યા હોઇએ !

મહત્ત્વાકાંક્ષારૂપી પાંખો મનુષ્યને પૃથ્વી ઉપરથી સ્વર્ગમાં, અજ્ઞાતમાંથી જ્ઞાનમાં, અનીતિની નીચી ભૂમિકામાંથી નીતિના ઉચ્ચ પ્રદેશમાં લઇ જાય છે. દિવ્ય કે ઉચ્ચ વસ્તુઓની પ્રાપ્તિ માટેની લાલસાને મહત્ત્વાકાંક્ષા કહે છે.

# કપરી કસોટી

✓ દાણું આગાળનું

સત્સંગી

સંસારના વ્યવહારમાં આપણે જાતજાતના માણસોનો અનુભવ કરીએ છીએ. એમાં કોઈ સારા ભલા કે પરોપકારી હોય, તો કોઈ દ્વેષીલાય હોય. વ્યહવારમાં જ શા માટે! સંત્સગમાં પણ ઈર્ષા કરનારા માણસોનો ભેટો ઘણીવાર થઈ જતો હોય છે. ગુરુ કે સંત પુરુષ કોઈ વ્યક્તિ પ્રત્યે વધારે ભાવ ને પ્રેમ દેખાડે, તો કેટલાય એવા માણસો હોય છે, જે આ જોઈ રાજી થવાને બદલે, મનમાં બળતા રહે ને એને કેમ કરી હલકો પાડવો ને ભૂંડો દેખાડવો, એના પેંતરા એ કરતા રહે. એમાં જો કોઈ તક કે પ્રસંગ એવો મળી જાય તો તેનો પૂરેપૂરો લાભ લેવાનુંય ન ચૂકે. પરંતુ સંત પુરુષો તો સોના ને પિત્તળ વચ્ચેનો ભેદ પૂરેપૂરો સમજતા હોય છે. એટલે છેવટે તો સાચા એકનિષ્ઠ ભક્તોનો જ વિજય થાય છે; પરંતુ એ પહેલાં એને જે કપરી કસોટીમાંથી પસાર થવું પડે છે, તે ઘણું કપરૂં, અઘરૂં ને દુઃખદ હોય છે. કાચા પોચા ત્યાં ના ચાલે, એમનું હીર તુરત જણાઈ આવે.

પ. પૂ. સહજાનંદ સ્વામીએ પોતાના જીવનકાળ દરમ્યાન ઘણા ભકતોની આકરી કસોટીઓ કરી છે અને કહેવું પડે કે ઘણા ઘણા એકનિષ્ઠ ભકતો એ કસોટીઓમાંથી સંપૂર્ણ પાર ઉતર્યા છે. પરિણામે, આપણા માટે ઉત્તમ ઉદાહરણ મૂકતા ગયા છે.

માંગરોલમાં આણંદજી નામે સહજાનંદ સ્વામીના એકનિષ્ઠ ભકત. મહારાજમાં એમને દૃઢ અને અનોખી પ્રીત.



મહારાજ પણ એ જાણે એટલે બીજાઓ કરતાં શ્રીજી મહારાજ એમને નામ દઈને બોલાવે. ખબર અંતર પૂછે. પોતાની નાની સરખી સેવા પણ આણંદજીનો ભાવ જોઈ મહારાજ એનેજ સોંપે. એથી આણંદજી રાજી રાજી થઈ જાય.

પરંતુ માંગરોલના બીજા કેટલાક સત્સંગીઓથી આ ના સહન થાય. એઓ શ્રીજી મહારાજ આગળ વાત નીકળતાં એનું ઘસાતું જ બોલે. પરંતુ આણંદજી કશું બોલે નહિ. મૂંગે મૂંગા હાથથી સેવા કરતા રહે, ને મનથી સ્વામીનારાયણનું સ્મરણ.

આણંદજીને ઘરમાં તકલીફ. એમનાં પત્નીને શ્રીજી મહારાજમાં જરાય શ્રદ્ધા નહિ; એટલું જ નહિ પરંતુ પ્રસંગોપાત બીજા માણસો આગળ પણ શ્રીજી મહારાજનું ઘસાતું બોલે. આણંદજી એમનાં પત્નીને ઘણીવાર સમજાવીને કહે કે એકાદવાર તો શ્રીજી મહારાજ પધારે ત્યારે સત્સંગમાં આવો. પરંતુ એ કદી તૈયાર થાય નહિ. "મારે તમારા મહારાજનું મોઢું જ જોવું નથી," એમ કહી ચોખ્ખી ના સંભળાવી દે.

આણંદજીને આથી ઘણું દુઃખ થાય, પરંતુ બિચારા કરે પણ શું?

બન્યું એવું કે એક વાર મહારાજશ્રી શિયાળામાં ઓચિંતા માંગરોલ પધાર્યા. આણંદજીને ખબર પડતાં જ ગામના પાદરે પહોંચી ગયા. મહારાજશ્રીને ખૂબ પ્રેમપૂર્વક પ્રણામ કર્યા ને ગળામાં સરસ મજાનો હાર પહેરાવ્યો.

"કુશળ તો છોને આણંદજી!" કહી મહારાજ શ્રીએ સ્મિત સાથ આણંદજીના ખબર અંતર પૂછ્યા. એટલું સાંભ-

ળતાં જ આણંદજીના બધા કોઠે જાણે દીવા થઇ ગયા. અંતરમાં આનંદ વ્યાપી ગયો. મનમાં થયું અરે, “જીવ તારૂં કેવું ભાગ્ય કે તને પ્રભુએ નામથી બોલાવ્યો. તારી ખબર અંતર પૂછી.” મહારાજશ્રીની સામે જોઇને માથું હલાવી આણંદજીએ હા કહી. એમના અંતરમાં વ્યાપેલા આનંદની છાયા મુખ ઉપર પ્રતિબિંબત થયેલી મહારાજશ્રીએ જોઇ, ને એમને પણ આનંદ થયો.

પરંતુ કેટલાક દ્વેષીલા સત્સંગીઓથી શ્રીજીમહારાજનો આવો પ્રેમમય આણંદજી સાથેનો વ્યવહાર શી રીતે સહન થાય ! એમનામાંથી એકે ધીમેથી મહારાજશ્રીને કહ્યું, ‘મહારાજ, આણંદજીનું બધું સારું, પણ...

મહારાજશ્રીએ પૂછ્યું, ‘કેમ અટકી ગયા ?’

‘એ તો એમને જ પૂછોને ?’ બીજાએ ટાપસી પૂરતાં કહ્યું. મહારાજશ્રીએ આણંદજી સામે જોયું, પણ આણંદજી શું બોલે ? એમના મુખપરની આનંદની સુરખી અત્યારે અદૃશ્ય થઇ ગઇ હતી અને એના સ્થાને આંખોમાં લાચારી દેખાતી હતી. મહારાજશ્રી બધું સમજી ગયા, છતાં બધાંને પૂછ્યું, ‘ભાઇઓ, શી વાત છે !’ મહારાજશ્રીએ આટલો રસ લીધો એટલે એક સત્સંગીએ હિંમત કરી કહી દીધું : “આણંદજી પોતે સત્સંગી ખરા, પરંતુ હજી આપના સત્સંગનો ચેપ એમના ઘરનાંને નથી લગાડી શકયા. ઉલટું એતો મહારાજ, આપની પાછળ નિંદા કરતાં ફરે છે એ કેવું !’

મહારાજશ્રી આગળ પોતાના ઘરની આ અંગત વાત આમ જાહેર થઈ ગઈ એથી આણંદજીને ભારે દુઃખ થયું. ઘડીભર લાગ્યું કે ધરતી મારગ આપે તો એમાં સમાઈ



જાઉં. મહારાજશ્રીએ પ્રશ્ન સૂચક દૃષ્ટિથી આણંદજી સામે જોયું. એમની આંખોમાં દુઃખ, લાચારી ને અસહાયતા વરતાતાં હતાં. શ્રીજી મહારાજે બાજી સંભાળી લઇ વાતને જુદોજ વળાંક આપતા કહ્યું:

“ઘરનાં હોય એટલાં બધાંજ સત્સંગી થોડાં હોય ! જેના સંસ્કાર સારા એનામાં સત્સંગનો રસ વહેલો જાગે. આપણે કંઈ પરાણે તો સત્સંગી કરવા માંગતા નથી. એમનાય સંસ્કાર પાકશે એટલે એય સત્સંગી થશે. ઝાડ ઉપર બધાંજ ફુલ કે ફળ એકસાથે થોડાં ખીલે કે બેસે છે ?”

શ્રીજી મહારાજનાં આ વચનો સાંભળી આણંદજીને મનમાં ધરપત થઇ કે ચાલો આજે નહિ તો કાલે, પણ ઘરવાળાના સંસ્કાર જાગશે ખરા. મહારાજનું વચન મિથ્યા થાય નહિ. હવે તો એ શુભ દિવસની વાટજ જોવાની રહી. મનોમન એમણે પ્રભુને પ્રાર્થના કરી કે જીવનમાં એ મંગલ દિવસ જેટલો વહેલો આવે એટલો સારો.

પછી તો મહારાજશ્રી ઉતારે પહોંચ્યા તો આણંદજી ઉતાવળે આગળ પહોંચી ગયેલા. તેમણે સંધ્યા ટાણાનો દીવોય કરેલો ને ચૂલા ઉપર મહારાજશ્રીને સ્નાન કરવાનું પાણીય મૂકેલું.

મહારાજશ્રીએ ઉતારાની મેડી ઉપર ચઢતાં, આણંદજીને એકબાજુ ઉભેલા જોયા. ‘અરે, આણંદજી તમે કયારે આવી ગયા !’

“હમણાં જ આવ્યો મહારાજ. પાણી મૂકયું છે. દીવો કર્યો છે.”

"આજે ઠંડી ઘણી છે. તમેય વેળાસર ઘરે પહોંચી જજો."

મહારાજશ્રીની આજ્ઞા થઇ એટલે ચરણરજ લઈ, પ્રણામ કરી આણંદજી ઘરે પહોંચ્યા. પણ મન તો મહારાજશ્રીના ઉતારે જ ભમતું રહ્યું. એમને થયું મહારાજે થોડો વધુ વખત રોકાવા દીધો હોત, તો કેવું સારૂં થાત! એમને ઊનું પાણી કાઢી દેત, ને મહારાજ શ્રીનાં બે લુગડાંએ નીચોવી સૂકવી દેત. એવું ભાગ્ય રોજરોજ થોડું મળવાનું!

આણંદજી આજે આનંદમાં હતા. એમનાં પત્નીને થયું કે આજે એમના સ્વામીનારાયણે પરસાદબરસાદ દીધો લાગે છે, એટલે આટલા આનંદમાં છે. આણંદજી એ કહ્યું, "ઘર આંગણે પ્રભુ આવ્યા છે ને તમે એકવાર તો દર્શને આવો!"

પત્નીએ છણકો કરી કહ્યું, "એવા સાધુડા તો ઘણાય આવે ને જાય. હું થોડી તમારી જેમ નવરી છું કે એમની પાછળ પાછળ ફરૂં. તમે ફરો છો એટલું જ ઘણું છે."

પત્નીનાં કટુ વચનો સાંભળી આણંદજીનો બધો ઉત્સાહ ઓસરી ગયો. તે કંઈ પણ ખાધાપીધા વિના ભગવાનને યાદ કરતા સૂઈ ગયા.

શિયાળાની રાત લાંબી ને ઠંડીને લીધે ઊઠવાનું મનેય ન થાય. પરંતુ આણંદજીને ફડક કે રખે ઊંઘી જવાય ને સવારે મોડું થઈ જાય. એ બીકે અડધી રાતના પાસાં ફેરવે. છેવટે ઊઠી દાતણ કરી પ્રભાતિયાં ગાતા ગાતા મહારાજશ્રીને ઉતારે ઉત્સાહથી પહોંચી ગયા. પરંતુ હજી તો પ્હો ફાટવાનીય ખાસ્સીવાર હતી.



એમણે ધીમેથી ચૂલો પેટાવ્યો ને ગરમ પાણી મૂકયું. મહારાજશ્રી ઊઠે ને દાતણ કરવા પધારે ત્યારે સરસ હૂંફાળા જળથી લોટો કયારે ભરી દઉં, એ વિચાર એમના મનમાં ચાલ્યાં કરતો.

ત્યાં તો મહારાજશ્રી થોડી વારે ઊઠયા. તેમણે જોયું કે નીચે કોઇ ચૂલા આગળ બેઠું છે. મહારાજને થયું કે આણંદજી સિવાય આટલું વહેલું બીજું કોઇ હોય નહિ.

દાદર ઉપર પગલાં પડતાં જ આણંદજી ઊભા થઈ ગયા ને મહારાજશ્રીના પગમાં પડી પ્રણામ કર્યાં.

મહારાજે કહ્યું, " કોણ! આણંદજી કે!'

'હા પ્રભુ.'

'આટલા વહેલા? હજી તો દિવસ ઉગવાની ઘણી વાર છે.'

'હશે. મને થયું ઉંઘ ઉડી ગઈ છે તો હવે પાસાં ઘસવાથી શો ફાયદો!'

"સારૂં. અહીં ન આવવાનું હોય ત્યારે ઘરે શું કરો?

"બીજું તો શું કરૂં પ્રભુ! આપનું સ્મરણ કરીએ, ભજન ગાઇએ."

"સારૂં કહેવાય પણ તમે અમારી પાસે આવો એ તમારાં ઘરવાળાંને ગમતું નથી. ગામના કેટલાય લોકોને નથી ગમતું. રાતે અમને તમારા જ વિચાર આવ્યા કર્યા." કહી મહારાજ અટકયા.

" મહારાજ, મારા વિચાર?"

'હા, તમારા જ. થયું કે ગામ લોકો તમારો આટલો બધો વિરોધ કરે છે, તો અમને થયું કે તમે અમારા સત્સંગ-માં ન આવો તો સારૂં. અમારીય સન્મુખ ના આવતા ને મંદિરના સત્સંગમાંય ન જતા. એ સારૂં છે અમારા માટે ને તમારા માટેય."

આણંદજી શું બોલે ! મહારાજે આ કેવી ભારે આજ્ઞા કરી ! માથે જાણે વિજળી પડી હોય એવું થયું. પણ ખૂદ મહારાજનો જ હુકમ પછી ફરિયાદ કોને કરવાની !

આણંદજીની આંખમાંથી બોર બોર જેવડાં બે આંસુ ટપકી ગયાં. તેઓ એજ ક્ષણે ઊભા થઇ ગયા ને મહારાજશ્રીને પગે લાગી મૂંગા મૂંગા ચાલવા લાગ્યા. એમને આમ કશી જ દલીલ કર્યા સિવાય મૂંગે મોંઢે આદેશનું પાલન કરી જતા જોઇ મહારાજશ્રી પણ ઉદાસીન થઇ ગયા.

રસ્તામાં આણંદજી વિચારતા રહ્યા કે આજે આ કેવો દિવસ ઊગ્યો ! ભગવાને કયા અપરાધની સજારૂપે સત્સંગમાંથી વિમુખ કર્યો ! ને પોતાની સન્મુખ આવવાનીય ના પાડી. અનેક તર્કવિતર્કો પછી એમના સત્સંગી મને સમાધાન મેળવી લીધું કે મહારાજે મારા માટે સારૂં હશે જ એટલે આવી આજ્ઞા કરી.

તે દિવસની બપોરની સત્સંગની બેઠકમાં શ્રીજી મહારાજે જાહેરાત કરી કે "અમે આણંદજીને સત્સંગમાંથી વિમુખ કર્યા છે. અમારી સન્મુખ આવવા પણ ના કહી દીધી છે."

મહારાજશ્રીની આ જાહેરાતે આણંદજીના વિરોધીઓને ખુશખુશ કરી દીધા. એ લોકોએ પરસ્પર આંખો મચકાવી



છાની તાલીઓ લીધી. ધીમે ધીમે કહેવા લાગ્યા 'બહુ ચઢ્યા થા ભાઇ. એટલે સમૂળગા અળગા થયા. એજ લાગના હતા. એની એક બૈરીને જે સત્સંગી ના કરી શક્યો, તે શાનો મોટો સત્સંગી ?'

મહારાજના કાને પણ આ શબ્દો પડ્યા. પરંતુ મહારાજ-શ્રી કંઇ બોલ્યા નહિ. તે દિવસની બેઠકમાં મહારાજશ્રી ખાસ ખીલ્યા નહિ ને સાંજે તો બીજે ગામ પધારી ગયા; પોતાના અનન્ય ભક્તના હ્રદયને દુઃખ પહોંચાડ્યા પછી પ્રભુ એ દુઃખની છાયાથી થોડા અલિપ્ત રહી શકે ! જાણે એમની ઉપરેય એની છાયા ફરી વળી. (ક્રમશઃ)

ક્રોધનો વિજય ન થવા દો. તેને ક્ષમા, પ્રેમ, કરુણા, સહાનુભૂતિ તથા વિવેકપૂર્ણ વિચાર દ્વારા નષ્ટ કરો.

**કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ**

શાંતિભાઈ કનેરીયા

**ઓઇલ એન્જીનના ઉત્પાદકો**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭ : ૩૩૬૬૦

# મંદિરો પવિત્ર શા માટે ?

અગત્યનું

સ્વામી વિવેકાનંદ

સાંખ્યદર્શન પ્રમાણે ત્રિગુણાત્મક પ્રકૃતિના સર્વથી ઉચ્ચતમ વિકાસ–પ્રકટીકરણને મહત્ અથવા બુદ્ધિતત્ત્વ કહે છે. તે તત્ત્વ સર્વવ્યાપી છે. પ્રત્યેક મનુષ્યની બુદ્ધિ એ સર્વવ્યાપી બુદ્ધિનો એક અંશ છે. સાંખ્યમનોવિજ્ઞાનમાં મન અને બુદ્ધિ વચ્ચેનો મોટો પ્રભેદ માનેલો છે. મનનું કાર્ય એટલુંજ છે કે તમામ સંસ્કારોના સમૂહને બુદ્ધિ એટલે વ્યક્તિગત મહત્ આગળ રજુ કરી દેવા. પછી તે સર્વ ઉપરથી નિશ્ચય કરવાનું કાર્ય બુદ્ધિનું છે. મહત્માંથી અહંતત્ત્વ અને અહંતત્ત્વમાંથી સૂક્ષ્મ પદાર્થોની ઉત્પત્તિ થાય છે. એ સૂક્ષ્મ પદાર્થોનું પરસ્પર સંમિશ્રણ થવાથી બાહ્ય સ્થૂળ પદાર્થોની રચના થાય છે, અને એમ કરતાં કરતાં સ્થૂળ જગત ઊભું થાય છે. સાંખ્યદર્શન એવા મતનું પ્રતિપાદન કરે છે કે બુદ્ધિથી માંડીને પત્થર સુધીના તમામ પદાર્થો એક મૂળ વસ્તુમાંથી ઉત્પન્ન થયા છે. ફેરમાત્ર તેમની વત્તીઓછી સૂક્ષ્મતામાં તથા સ્થૂળતામાં જ છે. એ બધા પદાર્થોમાં વધારે સૂક્ષ્મ વસ્તુ બુદ્ધિ છે. તેના પછી અહંકાર અને તેના પછી સૂક્ષ્મ પદાર્થો જેમને સાંખ્યદર્શનમાં તન્માત્રા એવું નામ આપેલું છે, તે ઉત્તરોત્તર એકબીજાથી સ્થૂળ છે.

એ સૂક્ષ્મ પદાર્થો નજરે જોઈ શકાતા નથી. માત્ર અનુમાન દ્વારા જ એમનું અસ્તિત્વ જાણી શકાય છે. એ તન્માત્રાઓનું સંમિશ્રણ થવાથી સ્થૂળ આકૃતિ બંધાય છે અને તેમાંથી જ આખું જગત ઊભું થયું છે. જે બીજાને મૂકાબલે સૂક્ષ્મ છે તે કારણ છે ને જે બીજાની અપેક્ષાએ સ્થૂળ છે તે



કાર્ય છે. આ પ્રમાણે પદાર્થમાત્રનો આરંભ બુદ્ધિમાંથીજ થયો છે. સૌથી વધારે સૂક્ષ્મ પદાર્થ બુદ્ધિ છે અને એ બુદ્ધિ ધીમે ધીમે વધારે ને વધારે સ્થૂળ સ્વરૂપ પકડતી ચાલીને આખરે સ્થૂળ પદાર્થો–જગતરૂપે પરિણામ પામે છે. સાંખ્યમત પ્રમાણે પુરુષ પ્રકૃતિથી પર છે. તે લેશમાત્ર પણ જડ કે ભૌતિક પદાર્થ નથી. બુદ્ધિ, મન, તન્માત્રા અને સ્થૂળ પદાર્થો એમાંના કોઈનું પણ તેની સાથે સામ્ય નથી. એ તો સર્વ પ્રકારે સર્વથી ભિન્ન છે, એનાં લક્ષણ પણ સૌથી જુદાજ પ્રકારનાં છે. આ ઉપરથી સાંખ્યમતવાળા એવો સિદ્ધાંત સ્થાપિત કરે છે કે, પુરુષ મૃત્યુરહિત–અજરઅમર છે; કારણ કે તે કોઇ પણ પદાર્થના મિશ્રણથી બન્યો નથી. જે મિશ્રણથી ઉત્પન્ન થતો નથી, તેનો કોઈ દિવસ નાશ પણ થઇ શકતો નથી. એ પુરુષ અથવા આત્માની સંખ્યા અગણિત છે.

સ્થૂળ પદાર્થોનો અનુભવ આપણે ઇંદ્રિયો વડે કરીએ છીએ, પરંતુ સૂક્ષ્મ પદાર્થો–અથવા તન્માત્રાનો અનુભવ સામાન્ય માણસો કરી શકતા નથી. યોગાભ્યાસ દ્વારા તમારી અનુભવ શકિત એવી સૂક્ષ્મ બની જશે કે તમે આ તન્માત્રાનો પણ અનુભવ કરી શકશો. તમે સાંભળ્યું હશે કે દરેક માણસની ચોતરફ એક પ્રકારનું તેજ અગર ઓરા હોય છે. પ્રત્યેક પ્રાણીના શરીરમાંથી ચોક્કસ પ્રકારનું તેજ હંમેશાં નીકળ્યા કરે છે. પતંજલિ મુનિ કહે છે કે, એ તેજને માત્ર યોગીઓજ જોઇ શકે છે. આપણે બધા એ તેજને જોઈ શકતા તો નથી; તો પણ જેમ પુષ્પમાંથી સુગંધરૂપે અત્યંત સૂક્ષ્મ પરમાણુરૂપે–તન્માત્રા બહાર નીકળ્યા કરે છે, તેવી રીતે આપણા શરીરમાંથી પણ હંમેશાં એક પ્રકારના તેજરૂપે તન્માત્રા બહાર નીકળ્યા જ કરે છે. કોઇ શરીરમાંથી પવિત્ર, તો કોઇના

શરીરમાંથી અપવિત્ર–પણ દરરોજ આપણા દરેકના શરીરમાંથી ઢગલાબંધ તન્માત્રાનો પ્રવાહ નીકળ્યે જ જાય છે. અને આપણે જ્યાં જ્યાં જઇએ છીએ, ત્યાં ત્યાં ચારે બાજુએ એ તન્માત્રા વડે બધું સ્થાન ભરી દઇએ છીએ. મનુષ્યના મનમાં મંદિર અને દેવાલયોની રચના કરવાની વૃત્તિ સ્ફુરી છે, તેનું આ જ રહસ્ય છે. ઈશ્વરની ઉપાસના કરવા માટે મંદિર બાંધવાની શી જરૂર છે ? જ્યાં પણ કરવું હોય, ત્યાં ઇશ્વરનું ધ્યાનભજન થઇ શકે છે; પરંતુ તેમને સ્વાભાવિક રીતે એમ લાગ્યું કે, જે ઠેકાણે બેસીને લોકો હંમેશાં ઈશ્વરની ભકિત કરતા હોય તે જગ્યા ઘણા મોટા પ્રમાણમાં પવિત્ર તન્માત્રાથી પરિપૂર્ણ થઇ જાય છે. લોકો ત્યાં દરરોજ ઈશ્વરોપાસના કરવા જાય છે અને જેમ જેમ વધારે લોકો એ હેતુથી ત્યાં જતા જાય છે, તેમ તેમ એ જગ્યા વધારે પવિત્ર બનતી જાય છે. જે વ્યક્તિના હૃદયમાં સત્ત્વગુણનો ઉદય ન થયો હોય, એવો કોઇ માણસ ત્યાં જાય, તો પણ તે સ્થાનની અસર તેના ઉપર થાય છે અને તેના હૃદયમાં સત્ત્વગુણનો ઉદય થઇ આવે છે. મંદિરો અને દેવાલયોને શા માટે પવિત્ર માનવામાં આવે છે, તેનું કારણ આ ઉપરથી સમજાય જાય છે. પરંતુ એમાં પણ એટલું તો સ્મરણમાં રાખવું ઘટે છે કે, સાધુ પુરુષોના સમાગમના ઉપર જ એ સ્થાનોની પવિત્રતાનો આધાર રહેલો છે. પણ એ સંબંધી માણસો ભ્રમમાં પડેલા છે. તેઓ મૂળ ઉદ્દેશ ભૂલી ગયા છે અને ગાડી આગળ ઘોડો ન જોડતાં, ઘોડાની આગળ કોઈ અજ્ઞાની માણસ ગાડીને ગોઠવે, તેમ આ મંદિરની બાબતમાં લોકો મોટી ભૂલ કરી રહ્યા છે. પ્રથમ તો કોઈ પણ સ્થાનને સાધુ પુરુષો જ પવિત્ર બનાવે છે અને પછી તે પવિત્રતા બીજા લોકોને પવિત્ર કરે છે. જો એ સ્થાનોમાં સાવ સામાન્ય માણસો જ રહેતાં હોય અથવા અપવિત્ર



માણસો જતાં આવતા હોય, તો એ જગ્યાઓ પણ બીજી અપવિત્ર જગ્યાઓના જેવી જ બની જાય છે. મંદિર તેના પોતાના માહાત્મ્યથી નહિ, પણ પવિત્ર લોકોના સંસર્ગથી પવિત્રતા ધારણ કરે છે. આ તત્ત્વ આપણે ભૂલતા હમેશાં આવ્યા છીએ. આ જ કારણને લીધે પ્રબળ સત્ત્વગુણ સંપન્ન સંતમહાત્માઓ પોતાની આસપાસ ચારે બાજુએ સત્ત્વગુણનો પ્રભાવ ફેલાવી દે છે અને તેની અસર તેમના સંસર્ગમાં આવનાર માણસો ઉપર પડ્યા વગર રહેતી નથી. મનુષ્ય એટલી હદ સુધી પવિત્ર થઇ જાય છે કે, તેની પવિત્રતા તેના શરીરમાંથી વહ્યા કરે છે. સાધુઓનું શરીર પવિત્ર બની જાય છે અને તેઓ જ્યાં જ્યાં વિચરણ કરે છે, તે બધી જગ્યાઓને પવિત્ર બનાવી દે છે. આ હું કવિતાની ભાષામાં કહેતો નથી. આ રૂપક નથી; પણ સાધુઓના શરીરમાંથી ઝરતી પવિત્રતા એક ઈંદ્રિયગોચર બાહ્યવસ્તુના જેટલી જ અનુભવગમ્ય છે. બીજી વસ્તુઓની માફક તે પણ વાસ્તાવિક અસ્તિત્વ ધરાવે છે. અને તેના સંસર્ગમાં આવનાર દરેક જણને પવિત્રતા અર્પણ કરે છે.

—※—

પુણ્ય કાર્યોથી સુખ અને પાપમય કાર્યોથી દુઃખ પ્રાપ્ત થાય છે. આ તો કર્મનો અતૂટ સિદ્ધાંત છે. કાર્યોનું ફળ મળે જ છે. કર્મ કર્યા વગર તો કાંઈ જ મળતું નથી. ધર્મકાર્યથી ઈશ્વરપ્રાપ્તિ શકય બને છે. ધર્મકાર્યથી બધું જ પ્રાપ્ત થાય છે.

## સંતનો સંગ

સંતનો સંગ સદા સુખકારી
શાંતિપ્રદાયક, તાપવિદારક
રસ વરસાવે ભારી. સંતનો...

પ્રેમ જગાવે રોમ રોમમાં
એવો એ ગુણકારી,
ભ્રાંત મગજને શાંત કરી દે
ઔષધિ એવી ન્યારી. સંતનો...

પતિત પ્રાણીને પણ અપનાવે
અંતે દે છે તારી,
હોળી જીવનમાં સળગે ત્યાં
દેવી કરે દિવાળી. સંતનો...

ક્ષણનો પણ જો હોય સંગતો
તેની છે બલિહારી,
પાગલ સ્નેહે સંતશરણ લે
લે માયાને મારી. સંતનો...

યોગેશ્વરજી



## ભક્તિની કડી

( રાગ એકતારાનો )

શ્યામ ! પધારો તો સુંદર ઘડી છે
સુંદર સ્હવારની આ ઘડી સાંપડી છે...
શ્યામ !...
પૂજનનો થાળ લઈને ઊભા દરવાજે
મીઠી ત્હારી મોરલીજો, સ્વર ઉર ગાજે
નયનો તલસંતા મ્હારા....
એવી આંખડી છે...
શ્યામ !...
હૃદિયેથી રટતાં તુજને યુગો વિતાવ્યા,
હારેલા અવતારો તારી કૃપાએ જીતાવ્યા
કરૂણાના અમૃત પામી...
કેડી આ જડી છે... શ્યામ !...
મારી દુનિયા અને જિંદગાની ટૂંકી
ભલે હોય શ્યામલ ! અમે આશા નથી મૂકી
એવા દર્શન દેજો....
પાય ચાખડી છે....
શ્યામ !...
પાગલ પ્રભાએ સૂણ્યો, ચાખડીનો સાદ
આવે ઉર વૃન્દાવનની વાંસળીનો નાદ
પ્રાણ સાંધુ ચરણે ત્હારા...
ભક્તિની કડી છે...
શ્યામ !...

સૌ. પ્રભાબહેન પજવાણી

## એક એક પલકારે

મારા એક એક પલકારે,
પાંપણ ગીત તારું લલકારે
હરિવર ! એક એક પલકારે
તું મારા શ્વાસોનો સ્વામી,
જીવન હારેલાનો હામી,
રગરગનો તું અંતર્યામી :
મારી જીવનતરણી સરતી
તવ હેતલ હલકારે
એક એક પલકારે
પાંપણ ગીત તારૂં લલકારે.
અનાદિની છે આપણી માયા,
તું જો સત્વ, હું તારી છાયા;
આવરણે મનજી ! ભરમાયા :
અસલ સ્વરૂપની ઓળખ થાતાં
સ્પંદતું એક ધબકારે,
હરિવર ! એક એક પલકારે
પાંપણ ગીત તારૂં લલકારે.
ભવભવનો આ વિયોગભારી
દેહ દેહીની શી લાચારી;
અનુગ્રહે શું મુકિત મારી ?
જ્ઞાન-કર્મ ને યોગ અધૂરાં
જાગું તવ ફલકારે
હરિવર એક એક પલકારે
પાંપણ ગીત તારું લલકારે
હરિવર ! એક એક પલકારે.

ડૉ. રણજીત પટેલ (अनामी)



## ગોકુળ આવો તો ભેળાં થઇએ

હવે ગોકુળ આવો તો ભેળાં થઇએ
કાનુડા વ્હાલા, એકાંતે એકલાં મળીએ.
યમુનાને કાંઠે શીળીમૂંગી કદંબ-છાંયે
જેવાં મળતાં તેમ મળીએ.
મથુરાના રાજમાર્ગે મંદિરની ઝાલરોમાં
ભગતુંની ભીડમાં કયાં ભળીએ ?— કાનુડા૦

જીવતર ધર્યું મેં શાનું, કંયે ના તુંથી છાનું.
વ્રજને ના આમ છાંડી જઈએ.
પલનો બસ સંગ આપી, વિરહે રઝળાવી નાંખી !
સ્મરણાં પર કેટલુંક નભીએ !— કાનુડા૦

કરવા શું કાલાવાલા ! અંતર તું જાણે વ્હાલા !
સમરથને કેટલુંક કહીએ ?
કંઇક તો કરી દે એવું, જીુદુ પડે ના રે'વું
એકબીજામાં ઠરીએ. કાનુડા૦

અંમળાની મૂંગી માળા એળે ગઈ શું વ્હાલા ?
પોતાનું પોત તો જાળવીએ.
ખોળે શિર નાંખી સૂતાં, નયણો નયણામાં પ્રોતાં
પ્રાણોમાં પ્રાણ ગાળી દઇએ. કાનુડા૦

સુકુન્દ પારાશર્ય

# પૂજ્ય માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

આપણે સહુ જાણીએ છીએ કે પરમ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ 'મા' જગદંબાની ઉપાસના જીવનમાં કરી છે. એ 'મા' જગદંબાનું એક સ્થાન ગુજરાતમાં અંબાજીમાં છે. એ એક જીવંત શક્તિપીઠ છે ને રોજ રોજ હજારો યાત્રાળુઓ અહીં શ્રદ્ધા ભક્તિથી દર્શન કરવા આવે છે.

પ. પૂ. મહાત્માજીનાં પૂ. માતુશ્રી જ્યોતિર્મયીનો સ્વર્ગવાસ ૪, ઓકટોબર, ૧૯૮૦માં થયો. પૂ. શ્રીના મનમાં એક ભાવના થઇ કે પૂ. માતાજીની સ્મૃતિમાં લોકોપયોગી કોઇ સારૂં સ્થૂલ સ્મારક થાય તો સારૂં. જીવનભર જેમણે પરિભ્રમણજ કર્યું છે, અનેક તીર્થોને પોતાની ઉપસ્થિતિથી ને દર્શનથી મહિમા ધર્યો છે, એવા સંત શ્રી યોગેશ્વરજીને પૂ. માતાજી જ્યોતિર્મયીના સ્મરણાર્થે એક વિશ્રામગૃહ બંધાવવાનો સંકલ્પ થાય એ સ્વાભાવિક છે. મા જગદંબાની કૃપાથી તે માટે મોટાં અંબાજી ઉપર પસંદગી ઉતરી, એ એમની સાધનાને અનુરૂપ જોગાનુજોગ છે.

આ માટેની યોજના નીચે પ્રમાણે છેઃ–

પરમ પૂ. માતાજી જ્યોતિર્મયીની પુણ્યસ્મૃતિમાં ગુજરાતના પવિત્ર તીર્થધામ અંબાજીમાં એક વિશ્રામગૃહ બાંધવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ સ્થાપેલ સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી આ કાર્ય



હાથ ધરવામાં આવી રહ્યું છે. વિશ્રામગૃહ માટે અંબાજીમાં જમીન પણ ખરીદવામાં આવી છે.

જે ભાઇબહેનો એ પવિત્ર કાર્યમાં સહયોગ આપવા ઇચ્છતા હોય તેમને જણાવવામાં આવે છે કે,

૧. વિશ્રામગૃહમાં પોતાના તરફથી અથવા મિત્રો કે સ્નેહીસંબંધીઓ સાથે મળી સંયુક્ત રીતે રૂમ બંધાવવા માંગતા હોય તેમણે અને

૨ વિશ્રામગૃહના બાંધકામમાં નાની કે મોટી ગમે તેટલી મદદ મોકલાવવા માંગતા હોય તેમણે તે રકમ નીચેના સરનામે ચેક, ડ્રાફ્ટ કે રોકડેથી મોકલાવવા વિનંતી છે.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ
C/o શ્રી બાબુભાઇ વોરા
૩૧, ગવર્નમેન્ટ સર્વન્ટસ સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ– ૩૮૦૦૦૯

અંબાજીમાં બંધાનારા માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહના એક ઓરડાના એટેચ સંડાસ બાથરૂમ તેમજ ફર્નીચર સાથેનો ખર્ચ રૂ. ૨૫,૦૦૦–પચ્ચીસ હજાર અંદાજવામાં આવ્યો છે. રૂમ બંધાવવાની ઇચ્છા રાખનાર ભાઇબહેનોને એની નોંધ લેવા તેમજ તે માટે ઉપરોકત સરનામે શ્રી બાબુભાઇ વોરા સાથે પત્રવ્યવહાર કરવા વિનંતી છે.

આ વિશ્રામગૃહમાં વીસેક ઓરડા બાંધવાનું ટેન્ટેટીવલી વિચારાયું છે. દસ ઓરડા નીચે અને દસ ઓરડા પહેલા માળે. તે માટેના પ્લાન વગેરે બનાવવાનું કાર્ય ગતિમાં છે.

પ્રથમ દસ ઓરડાનાં દાનો પ્રાપ્ત થતાં, બાંધકામ શરૂ કરવામાં આવશે.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ એ એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ સંસ્થા છે તેમજ તેને મળતાં દાનો ઈન્કમટેક્ષમાં ધારાધોરણ પ્રમાણે ૫૦% કરમુકત છે.

આ કાર્યમાં સેવામૂર્તિ શ્રી બાબુભાઇ વોરા ને પાલનપુરના એડવોકેટ શ્રી ઈશ્વરભાઈ તેમજ અંબાજીના ઘણા ભાઇઓએ સહકાર આપી મદદ કરી છે, તે સહુ અભિનંદનના અધિકારી છે.


## વિજય ચંપલ માર્ટ

પ્રો. વિજયકુમાર જી. ચાવડા
વડવા પાદર દેવકી રોડ, ભાવનગર-૩૬૪૦૦૧
આધુનિક તથા અવનવી ડીઝાઇનમાં
હાથ બનાવટના છુટક ચંપલ વેચનાર

## વિજય ફુટવેર

પ્રો. ગીરધરભાઈ શામજીભાઈ
વડવા પાદર દેવકી, ભાવનગર. ૧




# "મનની ઇચ્છા"

—અરવિંદ એલ. પંચાલ

એક મહાપુરુષની સલાહ અનુસાર મને 'મારું મન શું કરે છે ?' તે નિહાળ્યા કરવાની ટેવ પડી ગઇ છે. ઘણી વાર નવરાશ મળતાં એટલે કે મનને એકાગ્ર કરવાનું યાદ આવે ત્યારે મારું મન શું વિચારી રહ્યું છે તે હું નિહાળ્યા કરું છું. આમ તો આ પણ એક મઝાની વસ્તુ છે.

આજે સવારમાં જ મારું મન કોઇક 'ઇચ્છા' સેવી રહ્યું હતું. મને તેમાં રસ પડયો–આ ઇચ્છા એટલે શું ?...કશુંક અપ્રાપ્ય હોય તેને પ્રાપ્ત કરવાની ઝંખના અથવા તે મેળવવા માટેનો તીવ્ર પ્રયત્નપૂર્વકનો વિચાર એટલે ઇચ્છા. ઘણીવાર તે ઇચ્છા સંતોષાતાં મનને ક્ષણિક સુખનો અનુભવ થતો હોય છે.

આજે મારું મન એવી ઇચ્છા સેવી રહ્યું હતું જે પૂર્ણ થવી સાવ અશકય જ હતી. મેં મારા મનને નિહાળવાનું, જોયા કરવાનું શરૂ કરી દીધું. મન તે ઇચ્છા પૂર્ણ ના થાય તો નારાજગી અનુભવે તેમ હતું. આવું બધું ચાલતું હતું, ત્યાં વળી આવી ઇચ્છા જ ના થાય તો સારું એવો વિચાર આવ્યો. પરંતુ પછી એવો વિચાર આવ્યો કે 'ઇચ્છા કરવી' એ તો મનનો સ્વભાવ છે. આપણે તેને રોકી શકીએ નહિ. ...અને હા, હમણાં થોડા દિવસ પહેલાં મારા એક પૂ. મિત્રએ સંન્યાસ–આત્મકલ્યાણનો માર્ગ ગ્રહણ કર્યો. તેઓશ્રીની મારા પર ટપાલ આવી ત્યારે મારા મનમાં કેટલાય વિચારો આવેલા. ત્યારે મારા પૂ. મિત્રની પણ સંન્યાસ

લેવાની ઇચ્છા જ કહેવાય ને ? તો પછી ઇચ્છા કરવી એ તો સર્વસામાન્ય વસ્તુ થઈ–જો કે સર્વવિચારના અંતે એવું તારણ મળ્યું કે : "ઇચ્છા કરવી એ મનનો સ્વભાવ છે, મારા પૂ. મિત્રની સન્યાસની ઇચ્છા સારી ઇચ્છા છે. જ્યારે મારા મનમાં અસંતોષ વ્યક્ત કરતી–ક્ષણિક સુખની ઇચ્છા તે સારી ઇચ્છા નથી. ઇચ્છા એવી હોવી જોઇએ કે જે આત્મ-કલ્યાણના માર્ગમાં પ્રવૃત્ત કરાવે."

### પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનો કાર્યક્રમ

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનો રાજસ્થાનનો એકમાસનો કાર્યક્રમ નક્કી થઇ ગયો છે.

બીકાનેર તા. ૮-૧-૮૪ થી ૧૬-૧-૮૪.
જોધપુર તા. ૧૮-૧-૮૪ થી ૨૪-૧-૮૪.
અજમેર તા. ૨૬-૧-૮૪ થી ૧-૨-૮૪. અને
જયપુર તા. ૩-૨-૮૪ થી ૯-૨-૮૪.

આ કાર્યક્રમોમાં પ. પૂ. માશ્રી સર્વેશ્વરી પોતાના દિવ્ય સુરીલા કંઠે સ્વરચિત ભજનો રજૂ કરશે.



## 'પુષ્પ પરાગ'

શ્રેયાર્થી

### શ્રદ્ધાએ સાજા કર્યા

આ વર્ષે ડીસેમ્બર, ૮૩માં પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી રાજકોટ પધાર્યા ત્યારે શ્રદ્ધા ભક્તિનો એક અનોખો પ્રસંગ જાણવા મળ્યો.

રાજકોટની રાષ્ટ્રીય શાળાની નજીકમાં વસતા શ્રી રમાશંકર નરભેશંકર રાજગુરૂ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીમાં ખૂબ શ્રદ્ધાભક્તિ ધરાવે. પૂ. શ્રીનાં ઘણાંખરાં પુસ્તકો એમણે વાંચેલાં, એટલું જ નહિ પરંતુ જ્યારે જ્યારે પૂ. શ્રીનો રાજકોટમાં કાર્યક્રમ થાય ત્યારે ત્યારે સમય કાઢી એમાં અચૂક હાજર રહે અને સત્સંગનો લાભ લે. પૂ. શ્રી મસૂરીમાં વિરાજતા ત્યારે એક વખત મસૂરીમાં પણ જઇને દર્શન કરી આવેલા. ભાવ અને પ્રેમ વગર કોઇ પરિશ્રમ ઉઠાવી એટલે દૂર સુધી થોડું જાય !

આ વર્ષે આ રમાશંકરભાઇને હાર્ટ એટેકની બિમારી ત્રણેક માસ પહેલાં અચાનક થઈ આવી. એમની વય સાઇઠેક વર્ષની અને હાર્ટએટેકની ગંભીર પ્રકારની બિમારી હતી. એટલે સંપૂર્ણ પથારીવશ થઈ ગયા. દાકતરે ઊઠવા બેસવાની મનાઇ કરી. બધી જ દૈનિક ક્રિયાઓ પથારીમાં જ કરવાની. આમ છતાં શ્રી રમાશંકરભાઇને ભગવાનમાં ખૂબ શ્રદ્ધા. એટલે બધું મૂંગે મોંઢે સહન કર્યે જાય ને ભગવાનને યાદ કરતા રહે.

આમ કરતાં બે અઢી મહિના થયા એટલે દાકતરે ઊઠવા બેસવાની પરવાનગી આપી. ઘરના છોકરાનો હાથ પકડી

બાથરૂમ સંડાસ સુધી જવા લાગ્યા. છતાં પણ પરવશતા તો ખરીને ! અચાનક નવેમ્બર, ૮૩ની ૨૩ તારીખે સૂતાં સૂતાં છાપામાં વાચ્યું કે પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી રાજકોટ પધારે છે ને તેઓનાં રામાયણ પરનાં પ્રવચનો બાર દિવસ સુધી સાંજે નજીકની રાષ્ટ્રીયશાળામાં થવાનાં છે. વાંચતાંજ એમને થયું "ઓ પ્રભુ ! આ કેવી લાચારી ! બાજુમાંજ શ્રીગુરુદેવનાં પ્રવચન અને હું પથારીવશ ! મારાથી એ પ્રવચનોમાં કેમ કરી જવાશે ?' એ વિચારે મનમાં દુઃખ થયું. અંતરના અંતરતમમાંથી નિસાસો નીકળી ગયો. મનમાં એજ વિચારો આવે કે પ્રભુએ થોડું સારૂં કરી દીધું હોત તો પ્રવચનોનો હું જરૂર લાભ લઇ શકત. પરંતુ શરીર નબળું, મન નબળું ને ઘરનાં માણસોને આ ભારે માંદગીની ચિન્તા. એટલે શું થાય !

પરંતુ એક અદ્‌ભૂત ઘટના બની.

આ વાતની જાણ તો શ્રી રમાશંકરભાઇ તા. છઠ્ઠાના રોજ બપોરની સત્સંગની બેઠકમાં પૂ. શ્રીનાં દર્શન કરવા આવ્યા ત્યારે જ થઈ.

શ્રી રમાશંકરભાઇએ પૂ. શ્રીના ચરણોમાં ખૂબ પ્રેમભાવપૂર્વક વંદન કરતાં કહ્યું, "પ્રભુ, હું તો હાર્ટએટેકની ભારે બિમારીમાં સપડાયેલો. પરંતુ તા. ૨૩મી નવેમ્બરની રાતે આપ મને સ્વપ્નમાં દેખાયા. ને આશીર્વાદ આપી કહ્યું "કોણ કહે છે કે મારાં પ્રવચનમાં નહિ અવાય ! અવાશે જ. ચિન્તા ન કરતા ને જરૂરથી આવજો; કશું નહિ થાય."

એ સ્વપ્નની મારા ઉપર ચમત્કારિક અસર થઈ. બીજા દિવસે સવારે ઊઠી, કોઈની પણ મદદ વિના હું મારા નિત્ય કર્મથી પરવાર્યો. ઘરનાં માણસોને પણ એથી નવાઈ લાગી.



મેં એમને સ્વપ્નની વાત કહી અને જણાવ્યું, "મને એ સ્વપ્ન પછી ઘણું સારૂં છે. મને કોઈ બિમારી હોય એવું લાગતું જ નથી. એટલે આજ સાંજથી જ હું પૂ. શ્રીનાં પ્રવચનોમાં જવાનો છું.'

સત્સંગમાં જવાની વાત તો ઘરનાંને ગમી, પણ હજી એમને મારી તબીયતનો ભય લાગતો હતો. પરંતુ મેં તો જવાનો નિશ્ચય કરેલો ને આપનાં બધાં જ પ્રવચનો મેં ખૂબ પ્રેમપૂર્વક સાંભળ્યાં. ઘણો આનંદ આવ્યો.

એટલું કહી એમણે ઉમેર્યું; કદાચ બીજાઓને નવાઈ લાગે. પરંતુ હું આજે મારી મેળે સ્કુટર ચલાવી આપના દર્શને આવ્યો છું જાણે કે મારી બિમારી ક્યાંય ચાલી ગઈ હોય એવું મને લાગે છે.

એમ બોલી આંખમાં આંસુ સાથે એ ભાઇએ પૂજ્યશ્રીને પ્રણામ કર્યાં, ત્યારે ઉપસ્થિત ભાઈ બહેનોને આ ઘટનાની જાણ થઈ.

પૂ. શ્રીએ પ્રેમપૂર્વક કહ્યું, "જ્યારે જવાનું હશે ત્યારે જવાનું થશે, એની ચિન્તા કર્યાં વગર, ભગવત્ સ્મરણ કરતા રહેજો. પ્રભુ દયાળુ છે, એ આપણી સાચા દિલની પ્રાર્થના અવશ્ય સાંભળે છે."

માણસમાં રહેલી શ્રદ્ધા ભક્તિ કેટલીકવાર કેવા ચમત્કારો સર્જે છે ! એનું દર્શન શ્રી રમાશંકરભાઇના આ પ્રસંગમાં જોવા મળે છે.

# સાધના માટે ગૃહત્યાગ શું આવશ્યક છે?

કનૈયાલાલ ઝીંઝુવાડિયા

[ ભગવાન રમણ મહર્ષિએ એમના કેટલાય ભક્તોને સાધના માટે ગૃહત્યાગ શું આવશ્યક છે?–એ સંબંધે માર્ગદર્શન આપેલ છે. પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ તેઓના જીવન ઉપર એક સુંદર ગ્રંથ લખ્યો છે. તેમાંથી ભાઈશ્રી કનૈયાલાલ ઝીંઝુવાડિયાએ ઉપરના પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે ભગવાન શ્રી રમણ મહર્ષિએ જે જે કહ્યું છે, તે સંકલિત કરીને રજુ કર્યું છે. એ પ્રશ્નોના પ્રત્યુત્તરો સર્વસામાન્ય સાધકોને પણ માર્ગદર્શક હોઈ, અહીં મૂકયા છે. ] તંત્રી

હાલ પ. પૂ. શ્રી મહાત્મા યોગેશ્વર રચિત 'ભગવાન શ્રી રમણ મહર્ષિ'ની (પ્રથમ આવૃત્તિ)નું અધ્યયન ચાલી રહ્યું છે. તેમાં નીચે પ્રમાણે પ્રસંગોનું વાંચન કર્યા પછી મારા મનનું સમાધાન થયું.

નટનાનંદ નામના એક ગૃહસ્થ મહર્ષિને ગુરુ તરીકે સ્વીકારવાના હેતુથી અરુણાચલ પર્વત પરના સ્કંદાશ્રમમાં મહર્ષિ પાસે પહોંચ્યા પરંતુ મહર્ષિ કલાકો વીતી ગયા છતાં શાંત જ તથા મૌન જ રહ્યા. પરંતુ મહર્ષિ કશું બોલ્યા જ નહિ. તેથી નટનાનંદને નિરાશા થઈ. તેઓ સદ્‌ગુરુની શોધ કરતા જ રહ્યા. એ શોધ દરમિયાન સારા નરસા સાધુ સંતોના સંપર્કમાં આવવાથી ચિત્ર–વિચિત્ર અનુભવો થતા રહ્યા. કેટલાક બીજાસંત–મહાત્માઓની મુલાકાત પણ એ લેતા રહ્યા, પરંતુ કોઇની પાસેથી એમને ધારેલી શાંતિ ના મળી. આખરે તેમણે સંન્યાસ લેવા વિચાર કર્યો.



એમને કાશીનો મહિમા સાંભળી કાશીવાસ કરવાની ઇચ્છા થઇ આવી. એક મિત્રને સાથે લઇને કાશીની યાત્રા પણ શરૂ કરી દીધી. માર્ગમાં શ્રી પેરંબૂદૂરમાં એમને એક શાંત બ્રહ્મચારી મહાત્માનો મેળાપ થયો. એમની સાથેની વાતચીત પછી એમણે એમના શુભ સંકલ્પને માટે અભિનંદન આપ્યા ને કહ્યુ કે જીવનમાં એકાંતવાસી બની, સાધના કરીને મુક્તિના મહારસને પ્રાપ્ત કરવાનો સંકલ્પ છે તો સારો, પરંતુ એની પૂર્તિ પહેલાં એક વાત વિચારવાની છે. એની ઉપેક્ષા નથી કરાય તેમ. તમે પરણેલા છો એટલે તમારા વિચારની સાથે સાથે તમારે તમારી પત્નીના જીવનનો વિચાર પણ કરવો જોઇએ, એ તમારું કર્તવ્ય છે. એ ઉપરાંત તમારાં માતાપિતા પણ છે. એમને તમારા વિના બીજા કોઇનો આધાર નથી. એમની સંભાળ તમે નહિ રાખો તો બીજું કોણ રાખશે? એમની સેવા કરવાનો તમારો ધર્મ છે. એ ધર્મનો ત્યાગ કરવાનું કામ બરાબર નથી. તમારી સાચી સાધના ને યાત્રા એમના ચરણોમાં ને એમની સેવામાં છે. તમારે માટે કાશી, મથુરા, ગંગા, યમુના તથા ગોમતી બધુ ત્યાં જ છે. એમના સાંનિધ્યમાં.

*

મહર્ષિના ભક્તોમાંના એક ભક્ત શ્રી રામૈયા. નેલ્લૂર જિલ્લામાં બુચ્ચિ રેડી પાલેમ તાલુકામાં આવેલ અન્નારેડ્ડી પાલેમના જમીનદાર હતા. પહેલેથીજ ધનવાન હતા. પરંતુ પૂર્વના કોઇ પુણ્યસંસ્કારોના પરિપાકરૂપે એમના મનમાં વૈરાગ્યના ભાવો પેદા થવાથી કોઇક ગુરુની પાસે પહોંચીને શ્રીરામનો તારક મંત્ર લીધો. તેમના આદેશાનુસાર રોજના પાંચ હજાર મંત્રજપ કરવા માંડ્યા.

સાધનાને માટે એમના અંતરમાં એટલી બધી લગન

હતી કે વાત નહિ. એથી પ્રેરાઈને એટલી નાની ઉંમરમાં પણ એમણે ગમે તેવું કે તેટલું કામ હોય તો પણ સમય કાઢીને સાધના કરવા માંડી એ સાધનાની પાછળ એમના દીક્ષા-ગુરુનું સ્વાનુભવપૂર્ણ સુંદર પથપ્રદર્શન હોવાથી એમનું કામ પ્રમાણમાં સરળ બન્યું.

સાધનાનું સમ્યક્ શ્રદ્ધાપૂર્વકનું અનુષ્ઠાન કરતાં એમની વૈરાગ્યવૃત્તિ બળવાન બનતાં એ ઘર છોડીને કાશી જવા માટે ચાલી નીકળ્યા.

માર્ગમાં એ એમના દીક્ષાગુરુનાં દર્શન માટે ગયા. ગુરુએ એમના વિચારો તથા ભાવને જાણ્યા પછી કહ્યું કે 'તમારે તો માતા છે. માતાની સેવા કરવાનો તમારો ધર્મ છે. એ માતાની અનુજ્ઞા મળી ગઈ ?'

રામૈયાને માટે એ વિચાર નવો હતો. છતાં પણ એની ઉપેક્ષા કરી શકાય તેમ ન હતું. એમણે એ દરમિયાન ગુરુના પ્રશ્નના પ્રત્યુત્તરમાં તરતજ જણાવ્યું કે 'માતાની અનુજ્ઞા તો નથી મળી, અને સાચું કહું તો માતાને મેં કશું જણાવ્યું જ નથી. એ મારા સાહસકર્મથી એકદમ અનભિજ્ઞ છે.'

ગુરુએ એમને ઘરે પાછા ફરવાનો ને ત્યાં રહીનેજ સાધના કરવાનો આદેશ આપ્યો.

આ વિષય પર શ્રી રમણ મહર્ષિના વિચારો આ પ્રમાણે છે. એક ભક્ત : પ્રશ્ન : મને કુટુંબમાં રસ નથી રહ્યો. કુટુંબીઓની વચ્ચે રહીને મારે કશું જ નથી કરવા જેવું. મારું કર્તવ્ય મેં પૂરું કર્યું છે ને હવે ઘરમાં છોકરાનાં છોકરાં છે. માટે ઘરમાં રહેવું જોઈએ કે નીકળવું જોઈએ ?

મહર્ષિઃ–તમે જ્યાં છો ત્યાં રહો તેજ બરાબર છે. પરંતુ અત્યારે તમે ક્યાં છો ? તમે ઘરમાં છો કે ઘર તમારામાં છે ? તમારાથી ઘર જુદું છે ખરું ? જો તમે તમારા મૂળ સ્થાન-



માં સ્થિતિ કરશો તો સમજશો કે બધી વસ્તુઓ તમારામાં વિલીન થઈ છે. પછી આવા પ્રશ્નો જ નહિ પેદા થાય.

ભક્તઃ–તો પછી મારે ઘરમાં રહેવાનું છે એવું સમજી લઉં ?

મહર્ષિઃ–તમારે તમારા મૂળભૂત વાસ્તવિક સ્વરૂપમાં રહેવાનું છે.

બીજો ભક્તઃ–

પ્રશ્નઃ–દુન્વયી જીવનમાં રહીને પણ હું આધ્યાત્મિક સાધનામાં રત રહી શકું ખરો ?

મહર્ષિઃ–અવશ્ય. માણસે એવી રીતે રત રહેવું જ જોઈએ.

ભક્તઃ–દુનિયાનું જીવન અંતરાયરૂપ નથી ? બધાં ધર્મ-શાસ્ત્રો ત્યાગની ભલામણ નથી કરતા ?

મહર્ષિઃ–દુનિયા ફક્ત મનની અંદર જ રહેલી છે. 'હું દુનિયા છું' એવા પોકારો એ નથી પાડતી. જો એવા પોકારો પાડ્યા કરતી હોય તો તે તમારી નિંદ્રાવસ્થામાં પણ કાયમ રહેત. એનું અસ્તિત્ત્વ નિંદ્રા દરમિયાન નહિ હોવાથી એ સનાતન નથી. સનાતન નહિ હોવાથી સત્ય પણ નથી, અને સત્ય નહિ હોવાથી આત્માના અધિકારમાં આવી જાય છે. આત્મા જ એક શાશ્વત છે. અનાત્મ વસ્તુથી આત્માને અલગ જાણી લેવો એજ ત્યાગ છે. અજ્ઞાન દૂર થાય છે ત્યારે આત્મા સિવાયનું બીજું કશું નથી અનુભવાતું. સાચો ત્યાગ એ જ છે.

ભક્તઃ–તો પછી તમે તમારા ઘરને ઊગતી યુવાનીમાં શા માટે છોડી દીધું ?

મહર્ષિઃ– મારું પ્રારબ્ધ એવું હતું માટે. માણસના વર્તમાન જીવનનો વ્યવહારક્રમ એના પ્રારબ્ધ પ્રમાણે નક્કી થતો હોય છે. મારું પ્રારબ્ધ આ જાતનું હતું. તમારું જુદી જાતનું છે.

*

પ્રારબ્ધમાં જે લખાય ને આવ્યું હોય તે કોઈ પણ કાળે મિથ્યા થતું નથી. આગળ વર્ણવી ગએલ મહર્ષિના ભક્ત શ્રી નટનાનંદ એવું માનતા કે ગૃહસ્થાશ્રમ મન તથા ઇન્દ્રિયોના વિજય અને આત્મદર્શનમાં અંતરાયરૂપ છે. એને લીધે સુચારુરૂપે સાધના નથી થતી ને શાંતિ પણ નથી મળતી. માટે એનો ત્યાગ કરી દઈને સંન્યાસ લેવો જોઇએ. એમણે મહર્ષિ પાસે સંન્યાસ લેવાની અનુમતિ માગી તો એ તરત જ બોલી ઊઠયાઃ–

'ઘરમાં એક અંતરાય છે તો વનમાં અનેક છે. વિક્ષેપો કે વિરોધો તો તમારી કસોટી કરવા માટે આવે છે. જ્ઞાન થયા પછી ઘરમાં ને સંન્યાસમાં અંતર નથી રહેતું. આશ્રમમાં ઘરની ચિંતા નથી સતાવતી તેવી રીતે ઘરને આશ્રમ માનીને નિશ્ચિંત બનીને નિવાસ કરો.'

મહર્ષિએ એવી રીતે એમને બેત્રણ વાર વિષય નીકળ્યો ત્યારે સંન્યાસ લેવાનો ઉત્સાહ ના આપ્યો. પરંતુ એમનાં પ્રારબ્ધમાં સંન્યાસ જડાઇને આવેલ તેથી શ્રી. રમણ મહર્ષિ જેવી મહાન વિભૂતિનું કથન પણ તેને આશ્વાસન ન આપી શક્યું. એ સંન્યાસનો નિર્ણય કરી ચૂકેલા, અને એને અનુસરીને આખરે એમણે સંન્યાસ લીધો પણ ખરો.

મહર્ષિની પાસે આવનારા કેટલાક માણસો સંન્યાસ લેવાની કે ઘરનો ત્યાગ કરવાની ઇચ્છા પ્રદર્શિત કરતા પરંતુ મહર્ષિ એમને ઉત્સાહિત ના કરતા. એ સંબંધમાં એમનો દૃષ્ટિકોણ રામકૃષ્ણ પરમહંસદેવને મળતો હતો. પરમહંસદેવે પણ બધા જ ભકતોને કે શિષ્યોને સંન્યાસ લેવાની અનુજ્ઞા ન હોતી આપી.

મહર્ષિએ પોતાના વિચારોને ફરી વાર સ્પષ્ટ કરતાં પ્રસંગોપાત્ત કહેલું : 'તમે ગૃહસ્થી કે સંસારી છો એવું માનો છો



જ શા માટે ? તમો ઘરમાં રહો કે તેનો ત્યાગ કરીને જંગલમાં જાવ, મન તમારી વચ્ચે આવ્યા કરશે. વાતાવરણને બદલવાથી જ કાંઈ લાભ નહિ થાય. મુખ્ય અંતરાય મનનો છે, માટે ઘરમાં કે વનમાં ગમે ત્યાં રહીને પણ એની ઉપર વિજય મેળવવો જોઈએ. એવો વિજય જો વનમાં મળી શકતો હોય તો ઘરમાં શા માટે ના મળે ? એટલા માટે વાતાવરણને શા માટે બદલવું જોઈએ ?'

'હું કરું છું.' એ વૃત્તિ જ વિક્ષેપરૂપ છે. જે થવાનું છે તે થઈને જ રહેશે. તમારે કર્મ કરવાનું હશે તો તમે કરશો જ તમે તેને ટાળી નહિ શકો. એ પરમાત્મા પર છોડી દો. તમે ત્યાગશો કે સ્વીકારશો એ તમારી પસંદગી પર નિર્ભર નથી હોતું. માથે પાણીના ઘડા મૂકીને જતી સ્ત્રીઓ વાતો કરવા ઊભી રહે છે ત્યારે સાવધાનીપૂર્વક મનને ઘડામાં રાખે છે. એવી રીતે સંત અથવા જ્ઞાની કર્મ કરે છે ત્યારે એનું મન આત્મામાં લાગેલું રહે છે અને એટલા માટે એની પ્રવૃત્તિ એની વચ્ચે નથી આવતી. આથી મહર્ષિના ત્યાગ કે સંન્યાસ વિષયક વિચારો સ્પષ્ટ રીતે સમજી શકાશે.

આપણે સમજીએ છીએ કે ઈશ્વરની ઈચ્છા સિવાય પાંદડું પણ હલતું નથી. મૃત્યુ જેવાં શોકનાં પ્રસંગે મરનારનાં કુટુંબીઓ પાસે આશ્વાસન આપવા આવનાર સામાન્ય અબૂધ લાગતાં માણસો પણ કહેતાં સાંભળીએ છીએ કે : જેવી ભગવાની મરજી. એમાં આપણો કાંઈ ઉપાય થોડો છે ? ભગવાને ધાર્યું તેમ થયું. જો ભગવાને ધાર્યું તેમજ થયું તો પછી રોકકળ કલ્પાંત શા માટે ? પરંતુ આ બધું કહેવા પૂરતું જ હોય છે. જો સમજીને આચરણમાં મૂકવામાં આવે, જીવનમાં ઉતારવામાં આવે તો જીવનના બધાં જ ઝંઝાવાતો શમી જાય. પરંતુ સર્વ દુઃખોનું કારણ ત્યાં જ છે કે સમજયાં છતાં સમજતાં નથી.

# નારાયણ સરોવરની યાત્રાનો એક દિવસ

તા. ૨૨–૧૧–૮૩ મા સર્વેશ્વરી

( ભૂજથી નારાયણ સરોવર ને પાછા ભૂજ. )

આજે સવારે અહીં રાતરાણી હોટલમાં પૂ. શ્રી યોગેશ્વરજી સ્નાન, વ્યાયામ કરીને માળાનો નિયમ પૂરો કરે છે. સાડા આઠે યાત્રામાં જોડાયેલા સૌ ભાઈઓ પૂ. શ્રીના ઓરડામાં આવી ગયા. પ્રણામ કરી સૌ બેઠા. ધ્યાનથી બેઠક શરૂ થઇ. અંતે હે જગત્રાતા પ્રાર્થના પૂ. શ્રીએ ગવડાવી. સૌ નીચે ઉતર્યા.

નીચે ઉતરતાં જ પૂ. શ્રીએ પોતાના ઓરડાનો એક રાતનો ચાર્જ રૂા. ૨૫ આપી દીધો. સૌને પોતપોતાનો ખર્ચ જેમણે ચૂકવ્યો હતો તે ભાઇને આપી દેવાની પૂ. શ્રીએ સૂચના આપી.

ભૂજ શહેરમાં એક જૂનું મોટું સ્વામીનારાયણ મંદિર છે, ત્યાં દર્શન માટે સૌ જાય છે.

વળી પૂ. શ્રી યોગેશ્વરજીની ખાદીની ઓઢવાની શાલ ગઈ રાતે ધોતાં ફાટી ગઈ, કારણ તે ઘણી જૂની હતી; અને પૂ. શ્રી આ યાત્રામાં તે એક જ શાલ લાવ્યા હતા, જેથી ફાટેલી ઓઢવી એ કરતાં નવી ખરીદવાનો સૌએ આગ્રહ કર્યો. ખાદી ભંડારમાંથી ખાદીની એક શાલ મળી ગઈ. પૂ. શ્રીએ જ તેની કિંમત ચૂકવી. પરન્તુ તે નવી શાલને બદલે જૂની ઘણી જ ફાટી ગયેલી શાલ પૂ. શ્રીએ શરીર ઉપરથી ન ઉતારી અને



રમૂજમાં કહ્યું કે આપણે કયાં જાનમાં જવું છે? અને અજ્ઞાનની જાનમાં જવું હોય તો તો આ શાલ ચાલશે.

દસ વાગી ગયા. દૂધ મળી જતાં દૂધ પીને સાડા દશે ભૂજથી નારાયણ સરોવરની યાત્રા આગળ વધી.

માર્ગમાં બાર વાગ્યા જેથી ઘટાદાર વૃક્ષ શોધીને ત્યાં વિશ્રામને ભોજન લેવાનું વિચાર્યું. તરતજ બન્ને ગાડી અટકી ને એવું સ્થાન મળી જતાં વૃક્ષ નીચે શેતરંજી પાથરી સાથે લીધેલી ભાખરી જ ફક્ત ભોજનમાં પૂ. શ્રીએ લીધી. સાથેના સૌએ પોતપોતાનું ભાથું લીધું. દશેક મિનિટ આરામ કરી યાત્રા આગળ ચાલી.

ચાર વાગ્યે નારાયણ સરોવર આવી ગયા. રસ્તા નાના પણ એકંદરે ઠીક કહેવાય એવા હતા.

નાનકડું સરોવર, સરોવર કાંઠે ત્રિકમજીનું મંદિર. અહીં નારાયણ ટ્રસ્ટ અન્નક્ષેત્ર અને ભોજનાલય પણ ચલાવે છે. ઉતારા માટે અહીં સગવડો છે. ઉતારો પૂરી સગવડવાળો ન હતો જેથી અહીં રાત રહેવાનો પ્રશ્ન પૂરી રીતે ઉકલ્યો નહીં.

નારાયણ સરોવરનાં દર્શન કરી મંદિરનાં દર્શન કર્યાં. ત્યાર પછી સરકારી ગેસ્ટ હાઉસની તપાસ કરી તો ભૂજના માહિતી અધિકારી શ્રી અહીં દર્શનાર્થે આવેલા. તેમણે પૂ. શ્રીને જોતાં તરતજ સગવડ કરાવી. તેઓ ઘણાં વરસો ઉપર પૂ. શ્રીને નડિયાદમાં મળેલા. આજે અચાનક મળી ગયા.

નારાયણ સરોવરથી થોડે દૂર સમુદ્રકિનારે કોટેશ્વર મહાદેવના સ્થાનમાં દર્શન માટે ગયા. એ સ્થાન ખૂબ જ સરસ છે. એ મંદિર ઉપરથી સમુદ્રનું અદ્ભૂત દર્શન થાય છે. થોડીવાર મંદિરમાં રોકાઇ સમુદ્રકિનારે ગયા.

સમુદ્ર કિનારેથી પાછા ફરતાં નારાયણ સરોવરથી ભૂજ તરફ જ આગળ નીકળી જવાનું અચાનક નક્કી થયું. જેથી નારાયણ ટ્રસ્ટને પૂ. માતાજી જ્યોતિર્મયી તરફથી રકમ પૂ. શ્રીએ ભેટ અપાવી ને રેસ્ટ હાઉસના નોકરને પણ નાનકડી બક્ષિસ આપી, નારાયણ સરોવરથી વિદાય લીધી.

આજે નારાયણ સરોવર પાસે એક ગાય બાંધેલી જોવા મળી. તેથી દૂધ મળે કે નહીં તેની તપાસ કરી તો મંદિરના મુખિયાજીએ કહ્યું : "તમારે મહાત્મા માટે દૂધ જોઈતું હોય તો હમણાં જ કાઢી આપું." ને સાચે જ તેમણે કોઈ-પણ પરિચય વિના ગાયને દોહીને દૂધ કાઢી આપ્યું. આશ્ચર્ય તો એ વાતનું થયું કે તેમણે દૂધના પૈસા ન લીધા. તેમણે કહ્યું કે અમે દૂધ વેચતા નથી. સાધુ મહાત્માઓની થાય તો સેવા કરી છૂટીએ છીએ.

નારાયણ સરોવરથી નીકળી રાતે આઠ વાગ્યે માતાના મઠ નામના સ્થાનમાં આવી ગયા. અહીં રહેવાની સગવડ છે એવું જાણીને જ ગાડીઓ ત્યાં અટકાવી.

માતાના મઠના મહંતશ્રીને મળ્યા. તેમણે તરત જ સૌને માટે ભોજનની અને રહેવાની સગવડ કરાવી.

પૂ. શ્રીએ ઉતારો જોયો પણ અનુકૂળ ન લાગતાં યાત્રા આગળ વધારવી ને રાત્રે ભૂજ પહોંચી જવાનું નક્કી થયું. પરન્તુ ભોજનની તૈયારી થઇ ગઈ હતી જેથી સૌએ જમવા માટે રોકાવવું જ પડ્યું. પૂ. શ્રી જમવાના કે રહેવાના નથી એમ જાણી ત્યાંના મહંત શ્રી તરતજ પોતાના સ્થાનમાંથી નીચે ઉતર્યા. મહંત શ્રી બિમાર હતા, છતાં તેમણે નીચે આવી પૂ. શ્રીને આગ્રહ કરીને ધર્મશાળાના એક બેઠકના



ઓરડામાં લઈ ગયા. અને વાતો શરૂ થઇ. તે દરમ્યાન બીજા સૌ ભાઇઓ ભોજન માટે ભોજનાલયમાં ગયા.

મહંત શ્રી અને પૂ. શ્રી યોગેશ્વરજી એકમેકને જાણતા ન હતા. ઔપચારિક વાતો પછી એકમેકનો પરિચય પૂછાયો.

મહંત શ્રીએ પણ પોતાનો પરિચય ખૂબ નમ્રતાથી આપ્યો.

મહંત શ્રી સાથેની વાતચીત ઉપરથી માતાના મઠના સ્થાનનો ઈતિહાસ ટૂંકમાં જાણવા મળ્યો.

મહંત શ્રી રાજાબાવા પોતે પાંચ વરસની નાનકડી ઉંમરથી અહીં જ રહે છે. તેમને કચ્છના રાજવીએ રાજાનો ઈલ્કાબ આપ્યો હતો જેથી તેઓ મહંતશ્રી રાજાબાવા કહેવાય છે. મહંતશ્રી ખૂબ જ નમ્ર, સેવાભાવી ને પ્રેમાળ પુરુષ છે. તેમનો અતિથિપ્રેમ વાતચીતનાં એક એક વાક્યે દેખાતો હતો. તેઓ પૂ. શ્રીને રાત રહી જવા ખૂબ જ આગ્રહ કરતા હતા ભોજન નહીં તો દૂધ ને અડદીયાના લાડુ પણ લો એવો એમનો આગ્રહ હતો.

માતાના મઠનો થોડો ઈતિહાસ આ પ્રમાણે છેઃ-

કચ્છના ખેંગારજી પહેલાના પિતાજી શ્રીહમીરજીએ કોઈ કાર્ય માટે દેવીની સહાય માંગેલી. કામ સફળ થયું. તેથી તેઓ દેવી (માતાના મઠના સ્થાનમાં)ના દર્શને આવ્યા. અને મંદિરના પૂજારીને જમીનો, ગામ વિ. ભેટ આપી રાજાનો ઇકલાબ આપ્યો. કચ્છના વંશ પરંપરાગત રાજા બને ત્યારે પ્રથમ તેઓ માતાના મઠના આ પૂજારી રાજાને મળવા આવવાનો નિયમ ચાલુ થયો.

રાજા મળવા આવે ત્યારે પણ આ સ્થાનના પૂજારી રાજા-એ પોતાની બેઠક ઉપર જ બેસી રહેવાનું. રાજા આવે તે

ત્યાં ગાદીની પાસે નીચે જ બેસે. પૂજારીની બેઠકની ગાદી તેરસો વરસ જૂની છે, જે આજેપણ જોવા મળે છે. જ્યારે પૂજારી બદલાય ત્યારે જ તે ગાદીનું ઉપરનું કવર બદલાય કે ધોવાય. ત્યાં સુધી તે કાઢી કે ધોઇ ના શકાય. પૂજારીઓ અખંડ બ્રહ્મચર્ય પાળે એવો આ સ્થાનનો નિયમ છે.

માતાના મઠનું આ સ્થાન ભૂજથી ૬૦ માઇલ દૂર છે. નારાયણ સરોવર જતાં માર્ગમાં જ આવે છે. એ કચ્છમાં જાણીતું છે. કચ્છનાં પવિત્ર તીર્થસ્થાનમાં તેની ગણતરી થાય છે. કાપડી નામના પ્રાચીન સંપ્રદાયના અનુયાયીઓ મંદિર-ની પૂજા કરે છે.

એ મંદિર હજારો વરસ જૂનું છે. હજારો વર્ષ ઉપર દેવીએ આ ગામમાં કોઇકને સ્વપ્ન આપીને કહેલું કે પાણીનુ ઝરણું શોધ. ત્યાં તને નાળિયેર, અક્ષત ચુંદડી મળશે. બે વણિક ભાઇઓએ શોધ કરી તો સાચે જ એ જ રીતે ત્યાં મળ્યું અને એજ રીતે નાનકડું મંદિર બંધાયું.

મંદિરમાં કોઇ પણ માનવ પૂજારી વગર દરરોજ રાત્રે દેવી કૃપાથી દિવ્ય સંગીત સંભળાવવા લાગ્યું. વણિકભાઇ-ઓને સ્વપ્ન આવ્યું કે મંદિર હવે છ માસ માટે બંધ રાખવું જેથી શક્તિની પ્રતિષ્ઠા મૂર્તિમાં બરાબર છ મહિને દશ્ય સ્વરૂપમાં થશે.

સ્વપ્ન દર્શનથી મંદિર બંધ કરાયું, પરન્તુ બન્ને વણિક ભાઇઓની અધીરાઇથી મંદિર થોડા જ વખતમાં ખોલી નાંખવામાં આવ્યું ત્યારે મંદિરની મૂર્તિમાં માતાનું અર્ધું જ સ્વરૂપ દેખાયું.



આજે પણ માતાના મઠના મંદિરમાં છ ચોરસ ફૂટ જેવડી મોટી મૂર્તિ છે. એ મૂર્તિનું સ્વરૂપ શિલામાંથી નીકળતું હોય એવું લાગે છે.

આ મંદિરમાં હજી પણ કચ્છના રાજા દર નવરાત્રિમાં આવે છે. દર વખતે અહીંથી થોડે દૂર ચાંચર કુંડ છે. ત્યાં જનસમૂહ સાથે સ્નાન કરી ત્યાંથી ખુલ્લા પગે મોરપીંછ લઇને ચાલતા અહીં મંદિરમાં આવે અને ષોડશોપચાર વિધિથી માતાજીની પૂજા કરે છે.

મહંતશ્રી રાજા બાવા પચાશ વર્ષથી પણ ઉપરના હશે. પણ તેમની સાથે વાતો કરવાથી ખૂબ આનંદ થયો. ઘણી વાતો જાણવા મળી.

મહંતશ્રી રાજા બાવા ખૂબ સેવાભાવી છે. એવી સેવામૂર્તિ-ની વિદાય લઈ અમે રાતે આગળ ચાલ્યા ત્યારે ઘડિયાળમાં રાતે સાડા નવ થયા હતા.

યાત્રા ના છૂટકે આગળ વધી સાથેની બીજી ગાડી બગડી જેથી ગાડી ધીરે ધીરે ભૂજ શહેરમાં રાત્રે બાર વાગ્યે પહોંચી. ભૂજ શહેરની રાતરાણી હોટલમાં જ ફરી ઉતારો થયો.

સવારે મોરબી તરફ પહોંચવા આગળ વધી શકાશે.

*——*

આત્મા (જીવ પોતાનું શિવપણું) પોતાની ગુમાવેલી શકિતઓ પાછી મેળવવા પ્રયત્ન કરે છે.

# પ્રકાશના પંથે

(શ્રી યોગેશ્વરજીની આત્મકથા)

સંક્ષેપઃ–દીપક પ્ર. મહેતા

(ભગવાન મહર્ષિના દર્શને)

ઈ.સ. ૧૯૪૪ના શિયાળામાં અમદાવાદથી મેં હિમાલય માટે પ્રસ્થાન કર્યું, તે વખતે મહા મહિનાની ઠંડીને લીધે મને ભારે શરદી થઈ ગઈ. ટ્રેઈનમાં એમ જ થયા કર્યું કે રસ્તામાં આટલી ઠંડી છે, તો હિમાલયમાં શું નહિ હોય ? આવી ઠંડીમાં ત્યાં જવું ઠીક નથી અને ઈશ્વરેચ્છા હોય તો હવે સરોડા જ રહેવું. એથી દિલ્હી ઉતરીને વળતી જ ગાડીએ હું અમદાવાદ આવવા માટે પાછો ફર્યો.

પરંતુ સરોડાના ઘરમાં બેઠો કે મારો અંતરાત્મા જાગી ઊઠ્યો. “ આ વાતાવરણ હિમાલયની તોલે આવે ? એ તો ઋષિમુનિની તપસ્યા ભૂમિ. તારે માટે એ જ હિમાલયમાં રહીને તપ કરવા લખાયેલું છે. ” આત્માનો અવાજ ખૂબ શાંત, પ્રભાવશાળી ને સખત હતો. એટલે મેં એને સ્વીકારી લીધો. એકાદ મહિનો સરોડા રહી હિમાલય તરફ પ્રયાણ કરવા વિચાર્યું. પ્રભુની પાછળ ભેખ લીધો તેણે વળી ઠંડીથી ડરવાનું કેવું !

દિલ્હીથી પાછા લાવવામાં ઈશ્વરનો સુનિશ્ચિત સંકેત હતો, એ થોડા વખતમાં જણાયું. આટલે આવવાનું થયું છે તો મદ્રાસ તરફ જઈને રમણ મહર્ષિનું દર્શન કરી આવવાની ઈચ્છા થઈ મહર્ષિ વિષે મેં અગાઉ વાંચેલું ને સાંભળેલું પણ ખૂબ.

સરોડામાં એકાદ માસ રહ્યો તે દરમ્યાન શરીર સારૂં થઈ ગયું. તે પછી વડોદરા થઈને પ્રેમી ગિરધરભાઈ સાથે રમણ મહર્ષિના આશ્રમે જવા પ્રયાણ કર્યું. આખરે “ રામે રચ્યું હોય છે તે જ થઈને રહે છે ” પરંતુ માનવનું અહં-



કર્તાપણાનું અભિમાન છૂટે તો જ ઈશ્વરના અલૌકિક વિધાન-ને ઓળખી શકાય છે.

અમે રમણ મહર્ષિના દર્શને આશ્રમમાં પહોંચ્યા ત્યારે સવારનો સમય હતો. સામાન મૂકીને સીધા જ મહર્ષિના દર્શને ગયા. પ્રણામ કરીને બધાંની સાથે જમીન પર બેસી ગયા.

વાતાવરણ શાંત હતું. મહર્ષિ ઊંચે સોફા જેવા આસન પર બેઠેલા. ખંડમાં ૪૦ જેટલા દર્શનાર્થી શાંતિથી મહર્ષિ સામે જોતા બેઠા હતા. થોડી વાર પછી મહર્ષિએ વાંચવાનું બંધ કર્યું ને પ્રેક્ષકો સામે જોવા માંડયું.

ચહેરા પરથી એમની મોટી ઉમ્મર જણાઈ આવતી. તેમના મસ્તકમાં થોડો કંપ થતો, છતાં મુખ પર ગંભીરતા શાંતિ ને નિર્વિકારીતા જણાઈ આવતાં. એમની ગંભીરતા, આત્મસ્થ જ્ઞાની પુરુષની હતી અને જ્ઞાનનો શાંત રસ મહર્ષિ-ની મુખાકૃતિમાં સ્પષ્ટ જણાતો. મહર્ષિનું વ્યક્તિત્વ પહેલી જ નજરે પ્રભાવોત્પાદક ના જણાયું. પરંતુ એમની શાંત મુદ્રા ને ગંભીરતા તેમની મહાનતાનું જયગાન કરનારૂં હતું. સાચી વાત તો એ છે કે મહાત્માઓનું મૂલ્ય એમનાં બાહ્ય દેખાવ કે પ્રભાવથી જ નક્કી નથી કરાતું. એમની અંદરની અવસ્થાનું અવલોકન કરવું પડે છે.

હું ઉત્તર કાશીમાં રહેલો તે દરમ્યાન મને મહર્ષિએ ધ્યાનાવસ્થામાં દર્શન આપી, રમણાશ્રમમાં મારો પ્રેમપૂર્વક સત્કાર કરી, મારી સાથે જુદી જુદી વાતો કરેલી. તેથી તેમના પ્રત્યક્ષ દર્શન વખતે તેઓ મને આનંદપૂર્વક આવકાર આપશે એવું લાગેલું.

પરંતુ હંમેશાં આત્માનંદમાં સ્થિત પુરુષને કોનો સત્કાર કરવાનો ? તેમણે કોને વધારે ને કોને ઓછાં પ્રિય ગણ-વાનાં ? ભેદની દુનિયાથી પર જેમની ભૂમિકા છે, તેમથી પાસે

આવા વ્યવહારની અપેક્ષાં રાખવી જ ઉચિત નથી. એટલે એવા પુરુષો તમને પ્રત્યક્ષ વ્યહવારમાં બોલાવે કે ના બોલાવે તો તેમાં કંઈ ખોટું માનવા જેવું નથી.

આવા મહાત્માઓ પણ ઈચ્છે તો અહંતા–મમતાથી પર રહી લૌકિક રીતે વ્યવહાર કરી શકે છે. એવો વ્યહવાર કરનાર મહાપુરુષોમાં સ્વામી દયાનંદ, ચૈતન્ય મહાપ્રભુ, ગુરુ નાનક, રામકૃષ્ણ પરમહંસ, બુદ્ધ, વિવેકાનંદ વગેરે ગણાવી શકાય. પરંતુ તેનો આધાર વ્યક્તિના સ્વભાવ ઉપર રહેલો છે. મહાત્મા બાહ્યરૂપે ગમે તે અવસ્થામાં રહે, પણ એનું સાચું મૂલ્યાંકન એમના વિચારોની ઉચ્ચતા ને પવિત્રતા, નિર્મળતા ને અનાસક્તિ તેમજ વીતરાગપણા પરથી થવું જોઇએ.

આશ્રમમાં આવતાં પહેલાં મને રમણાશ્રમમાં બેત્રણ વર્ષ રહેવાની ઇચ્છા હતી. પરંતુ વસ્તુસ્થિતિ જુદી થઈ. મહર્ષિ પાસે રહેવા મારૂં મન માન્યું નહિ. ખંડમાં બેસતાંજ મારા દિલના ભાવ પલટાવા માંડયાં. મને થયું કે મહર્ષિના દર્શનની મારી ભાવના ભલે પૂરી થઈ, પણ આ સ્થળમાં મારાથી રહી શકાશે નહીં. મારા માટે હિમાલયનો એકાંતવાસ જ બરાબર છે ત્યાં રહીને જ હું મારો પરિપૂર્ણ વિકાસ સાધી શકીશ. મારે કોઈની પાસે રહેવાની જરૂર નથી. એટલે તેજ દિવસે મેં રમણાશ્રમ છોડવાનો નિર્ણય કર્યો ને ગિરધરભાઇને જણાવ્યો. બીજે દિવસે સવારેજ અમે પ્રેમપૂર્વક રમણ મહર્ષિ ને આશ્રમને પ્રણામ કરી મુંબઇની ગાડી પકડી.

પાછળથી મને સમજાયું કે મારો એ નિર્ણય સમયસરનો ને સાચો હતો. તેને પરિણામે પાછળથી હું હિમાલયમાં પલાંઠી વાળીને અભિનવ સાધનારૂપી આરાધના કરી શક્યો. ઇશ્વરની એ મંગલમયી અહૈતુકી કૃપાની વર્ષાનો સદા જય હો.

( ક્રમશઃ )



# રામકથા

ગતાંકથી ચાલુ

યોગેશ્વરજી

[ શ્રીયોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા ]

ઊર્મિલાએ નિષ્કામની સાથેનાં પ્રસંગની સ્મૃતિ કરીને છેલ્લે છેલ્લે જે વિચાર આવ્યો તેમાં ખોટું પણ શું છે? આખરે તો વિધાતાએ જે ધાર્યું છે, તે જ જીવનમાં થયા કરે છે, એ એક હકીકત છે.

માણુસ ગમે તેટલો ઉંચોનીચો થાય અને પોતાનું ધાર્યું કરવાની કોશિશ કરે તો પણ તેની ધારણા તેમજ મહેનત ભાગ્યે જ ફળે છે. જેની ઈચ્છા કે ઝંખના કરી હોય એ વસ્તુ કે ઘટના જીવનમાં નથી મળતી કે નથી બનતી. અને એથી ઉલટું, જેની ઝંખના તો શું પરંતુ કલ્પનાએ ના હોય એવી ઘટના આપોઆપ અને આકસ્મિક બની જાય છે. તથા એવી વસ્તુ આવી મળે છે. તેની પાછળ કર્મનો કોઈક વ્યવસ્થિત કે ચોક્કસ નિયમ કામ કરતો હશે, અને એને પરિણામે જ જીવનની ગતિવિધિ નક્કી થયા કરતી હશે. પરંતુ માણુસને એ નિયમની ખબર પડતી નથી. એટલે એણે તો કોઈ વાર કેટલુંક અનુમાન કરીને ચાલવું પડે છે, તો કોઈ વાર કાર્યકારણ ભાવને સમજ્યા વિના જે આવી પડે તે પ્રસંગો કે પરિસ્થિતિને અનુકૂળ થવું પડે છે.

અનુભવથી એને લાગે છે, કે કોઈ સૃષ્ટિ નિયામક મહાન શક્તિ તેને પોતાની યોજના પ્રમાણે ચલાવી રહી છે. અને પોતે તેનાં હાથમાં હથિયારરૂપ બનીને પ્રવૃત્તિ કરે છે, અથવા કહો કે કઠપૂતળી છે.

એવા અનુભવથી તેનો અહંકાર ઓગળી જાય છે. ને ચિંતા તથા વિષાદ શમી જાય છે. એ સૃષ્ટિ નિયામક મહાન શક્તિની મંગલ-

મયતામાં જો વિશ્વાસ થઈ જાય તો એ નિર્ભય બની જાય છે ને સ્થિર થાય છે.

ઊર્મિલા એ વાતને સમજતી હતી. એટલે નિષ્કામના પ્રસંગોની સ્મૃતિ એને માટે ચિંતાજનક ન થઇ.

* * *

રામે શંકરના પ્રતાપી ધનુષ્યનો ભંગ કર્યો તથા પોતાનાં પરાક્રમનો પરચો બતાવી આપ્યો. એથી મહારાજા જનકને અતિશય આનંદ થયો. આટલી મોટી અવસ્થામાં અને આટલે લાંબે વખતે પોતાના સંકલ્પને સિદ્ધ થયેલો જોઇને પોતાનું જીવન સાર્થક થયું. આશાના બધા જ દરવાજા બંધ થઈ ગયા ત્યારે નવો જ દરવાજો ઉઘડી ગયો.

એવી જ આનંદમય અવસ્થા મહર્ષિ વિશ્વામિત્રની, લક્ષ્મણની, તથા મિથિલાનગરનાં નરનારીની હતી. એમને પણ પોતાના મનોરથનો, સૂર્ય સોળે કળાએ ખીલેલો લાગ્યો. કોઇક અનોખા ઈપ્સિત પદાર્થની પ્રાપ્તિ થઈ હોય એવો અસાધારણ સંતોષ તેમના મુખ મંડળ પર ફરી વળ્યો.

રાજા જનકે મુનિ વિશ્વામિત્રને કહ્યું પણ ખરું:–'રામનું શુભ આગમન મારા મારી પત્નીના, સીતાના. મારા પરિવારના ને મારી સમસ્ત પ્રજાનાં કલ્યાણ માટે જ થયેલું એની મને ખાતરી થઇ. એમનાં અકષ્ટપૂર્વક પરાક્રમને નિહાળીને મને પાર વિનાની પ્રસન્નતા થઈ. મારા શરીરમાં જાણે કે, નવજીવનનો સંચાર થયો. એ પરાક્રમના પ્રસંગો મારી આંખ આગળ તરે છે. અને એમની સ્મૃતિ પણ મને અલૌકિક રસ ધરે છે, ને રોમાચિત કરે છે. એનું બધુ શ્રેય તમને જ ઘટે છે, કારણ કે રામ અને લક્ષ્મણને લાવનાર



તમે જ છો. હવે આજ્ઞા આપો તો રામ તથા સીતાનાં વિધિપૂર્વકનાં લગ્નની તૈયારી કરું."

મહર્ષિ વિશ્વામિત્રે સ્મિતપૂર્વક સલાહ આપતા કહ્યું:– "સૌથી પહેલાં તો રાજા દશરથને ધનુષ્યભંગના સમાચાર મોકલીએ અને એમને અહિં બોલાવીયે. લાંબા વખતથી એમણે રામ અને લક્ષ્મણના મુખને નથી જોયું. અહિંના સમાચારને સાંભળીને સ્વાભાવિક રીતે જ એ ઊંડા આનંદમાં ડૂબી જશે. એમની ઉપસ્થિતિમાં લગ્ન વિધિને પતાવવાનું કાર્ય સાચેસાચ આવકારદાયક રહેશે.

રામ અને લક્ષ્મણ તથા પોતાના પુરોહિત શતાનંદે પણ એવી જ સલાહ આપી. એટલે રાજા જનકે અયોધ્યામાં ખાસ દૂત મોકલીને રાજા દશરથને આમંત્રણ મોકલાવ્યું. દૂત દ્વારા વિગતવાર સમાચાર સાંભળીને મહારાજા દશરથની આંખમાં આનંદના અશ્રુબિંદુ ઉભરાઈ આવ્યાં.

પહેલાં તો એ આખીયે વાત એમના માનવામાંજ ન આવી. પરંતુ રાજા જનકની આમંત્રણ પત્રિકા વાંચીને તેને માન્યા સિવાય છૂટકો ના થયો. કૌશલ્યા, સુમિત્રા ને કૈકયીએ પણ સમાચાર સાંભળી આનંદ વ્યક્ત કર્યો.

કૈકયી બોલી ઉઠી:–"રામ જેવા શક્તિશાળીને શીલવાન સંસારમાં બીજા કોઈજ નથી. રામની પરાક્રમી ગાથા સાંભળીને મારો આત્મા આનંદી ઊઠે છે. મને તૃપ્તિજ નથી થતી. એમ થાય છે, કે વધારે ને વધારે સાંભળ્યાજ કરું. મિથિલેશકુમારી સીતાએ અત્યંત અસામાન્ય સ્વયંવરમાં એમને વરમાળા પહેરાવી એથી વિશેષ સુખદ્ સમાચાર બીજા કયા હોઇ શકે ?

મહર્ષિ વશિષ્ઠને પણ એ સમાચાર ઘણા ગમી ગયા.

મહારાજા દશરથે એમને આખી પરિસ્થિતિથી પરિચિત કર્યા. ત્યારે એ પણ એકદમ ભાવવિભોર બની ગયા ને બોલ્યા:–"રઘુકુળનાં નિર્મળ નભોમંડળમાં રામરૂપી અત્યંત જાજ્વલ્યમાન પવિત્ર નક્ષત્રનો ઉદય થયો છે. આ અમુલખ નક્ષત્ર મારા રઘુકુળને જ નહિ પરંતુ સમસ્ત સંસારને યશસ્વી બનાવશે. મારી જાતને હું ધન્ય માનુ છું કે એમના જમાનામાં જીવીને એમના દર્શનનો દુર્લભ લાભ મેળવીને એ આવા અનેક અસાધારણ કર્મોની સાક્ષી બની રહેશે. ખરેખર, રામ કેવળ પુરુષ નથી, પરંતુ પુરુષોત્તમ છે. માનવ નથી માનવોત્તમ છે. મારી આર્ષ દૃષ્ટિના આધાર પર કહી શકુ છું કે રામનો જન્મ મંગલને માટે થયો છે. એમનાં કર્મો પણ મંગલને માટે જ થતાં રહેશે. જગતને પ્રેરણા પાશે. પ્રકાશ અથવા માર્ગ-દર્શન આપશે, ને એમને આ અવનિમાં અમર બનાવશે. રામ અને એમનું જીવન જગતના જીવોને જ્યોતિર્મય બનાવશે." મહર્ષિ વશિષ્ઠનાં વચનો મહારાજા દશરથને માટે આનંદની અમૃતમય વર્ષા જેવાં આશિર્વાદરૂપ અને આવકારદાયક થઈ પડ્યાં. (ક્રમશ:)

o———o

જેણે શાંતિ મેળવવી હોય તેણે વાસનાઓ દૂર કરવી. દૈવી સંપત્તિની ઝાંખીથી જો તે પોતાનું મન નિરંતર સતેજ કરતો રહે તો તે દેવ બને.

જે પ્રભુનું નામ રટે છે તેની યમરાજને પણ બીક લાગે છે. યમરાજ તેની પાસે જઈ પણ શકતો નથી. હરહંમેશ પ્રભુ નામનો જપ કરો. આથી તમને અક્ષય અવસ્થા પ્રાપ્ત થશે.

## સદ્ભાવભરી ભેટ

'અધ્યાત્મ' પ્રત્યેના પ્રેમભાવને લીધે સાધક ભાઇ બહેનો સારા માઠા પ્રસંગોએ અધ્યાત્મને અચૂક યાદ કરી સદ્ભાવ-ભરી ભેટો મોકલતા રહે છે. તે સહુનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

રૂા. ૧૧–૦૦ શ્રી. ચંદ્રકાન્તભાઇ બી ટેલર, રાંદેર.
,, ૧૧–૦૦ ,, શાન્તાબેન ભગવતીભાઇ ટેલર. રાંદેર.
,, ૨૫–૦૦ ,, સરોજબેન પ્રતાપભાઇ ત્રિવેદી, ભાવનગર.
,, ૫૧–૦૦ ,, બાલમુકુન્દ શ્રોફ મોરબી તરફથી સ્વ. શ્રી ઓધવજી હરિદાસના સ્મરણાર્થે.
રૂા. ૫૧–૦૦ મહારાષ્ટ્ર બોર્ડીંગવાળા દાસકાકાનાં પુત્રવધૂ. શ્રીમતી ઉષાબેન પી. જોષી તરફથી ભાઇ પ્રદીપના જન્મદિન નિમિત્તે.
રૂા. ૨૧–૦૦ ડૉ. રાજેન્દ્રપ્રસાદ ભટ્ટ તરફથી બારડોલી સુગર ફેક્ટરીમાં મેડિકલ ઓફિસર તરીકે નોકરી મળતાં.
રૂા. ૫૧–૦૦ શ્રી. લેખડિયા પરિવાર, સુરત તરફથી સ્વ. શ્રી. ભગવાનદાસ કૃષ્ણારામ લેખડિયાના સ્મરણાર્થે.
રૂા. ૨૧–૦૦ શ્રી ચંપાબેન જયંતીલાલ પાઉં, વડોદરા તરફથી.

o———o

## અધ્યાત્મના ભારતના નવા આજીવન સભ્યો

અધ્યાત્મના ભારતમાં નોંધાયેલા નવા આજીવન સભ્યોનાં નામ નીચે પ્રમાણે છે:-

૩૫૫ શ્રી મૂળચંદ જીવતરામ અડવાણી, મોરબી રૂા. ૨૫૧.
૩૫૬ શ્રી. પ્રવીણકુમાર લલ્લુભાઇ ભક્ત, ઓરણા રૂા. ૨૫૧.

# વિવેકશક્તિની જાગૃતિ

ઇન્દ્રિયોના ભોગોમાં સાચી ને સંપૂર્ણ શાંતિ નથી એ વાત જેટલી પણ વહેલી સમજાય જાય એટલી જ લાભકારક છે. ઇન્દ્રિયલોલુપ માણસની સુખોપભોગની લાલસા વધ્યે જ જાય છે. એનો અંત નથી આવતો. અગ્નિમાં ઘી નાંખવાથી એ વધારે ને વધારે પ્રબળ બને છે, તેમ સાંસારિક સુખોપભોગની કામના વધતી જ જાય છે. એની પરિતૃપ્તિ નથી થતી. ઇન્દ્રિયલોલુપ લોકો કેટલા બધા પરવશ હોય છે, લાચાર હોય છે, અસ્થિર હોય છે, અંધ અથવા અશાંત હોય છે, તે તેમને જોવાથી સહેજે સમજી શકાય છે. એટલે જીવનને સુખશાંતિમય કરવાને માટે ઇન્દ્રિયોના વિષયોમાંથી તેને પાછું વાળી લઇને, જેટલું પણ બને તેટલું પરમાત્મપરાયણ કરવાની આવશ્યકતા છે. બહારના પદાર્થોને બદલે એને અંદર આત્મામાં રસ લેતું ને રમતું કરવું પડશે. જેમ જેમ મન આત્માભિમુખ બનતું જશે તેમ તેમ એની અંદર સુખશાંતિ અથવા તો આનંદના અમૃતમય પ્રવાહનો આવિર્ભાવ થતો જશે. એના અનેરા આસ્વાદમાં લીન બનશે. એને માટે દૃઢસંકલ્પબળ સદ્‌બુદ્ધિ કે વિવેક જોઇશે. પરંતુ એ બળ, બુદ્ધિ કે વિવેક–શક્તિને ધીરેધીરે અથવા તો ક્રમેક્રમે જાગ્રત કરવીજ પડશે. એ વિના બીજો કોઇ માર્ગ નથી.

—યોગેશ્વરજી

FERTILL

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ☎ ૨૮૧૭૨